દ્વિતિય વર્ષ

# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મોડ્યૂલ

## કોર્સ – 2 (બ)

## વૈવિધ્ય, જાતિ અને સમાવેશી શિક્ષણ

જીસીઈઆરટી, વિદ્યાભવન,
ઉદ્યોગભવન સામે, સેક્ટર–૧૨, ગાંધીનગર

આવૃત્તિ
2020

## પ્રેરક
શ્રી બી. સી. સોલંકી
સચિવ, જીસીઇઆરટી, ગાંધીનગર

## કન્વીનર
ડૉ.આર.સી. મુલવાણી

## વિષય સલાહકાર
ડૉ. જયંત વ્યાસ
શ્રી આઇ.વી.પટેલ

## લેખન-સંપાદન
ડૉ. સુરેશ ઢીલા
શ્રી સોનલબેન ચૌહાણ
શ્રી વાસુદેવભાઇ સોઢા

## સમીક્ષા
ડૉ.અનીલ અંબાસણા
શ્રી આર. ડી. પરમાર
શ્રી નિતીનભાઇ દલવાડી
શ્રી રાજેશ મહેતા

## નિર્માણ સંયોજન
શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઇ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

## પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ પુનઃરચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) – 2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઇઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ વધુ સમૃદ્ધ અને ક્ષતિરહિત બને તે માટે રાજ્યની તમામ ડી.એલ.એડ્. સંસ્થાઓ પાસેથી સૂચનો મેળવીને તેને આખરી સ્વરૂપ આપવામાં આવેલ છે. આમ, પ્રસ્તુત મૉડ્યૂલ ઉપયોગી અને અસરકારક બને તે માટે જીસીઇઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે, તેમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઇઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઇઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઇઆરટી,
ગાંધીનગર

# અનુક્રમણિકા


| એકમ | એકમનું નામ | પાના નંબર |
|---|---|---|
| 1 | સમાવેશી શિક્ષણ | 4 |
| 2 | વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો | 12 |
| 3 | જાતિ, શાળા અને સમાજ | 30 |

# એકમ 1
# સમાવેશી શિક્ષણ

**હેતુઓ**

**1. પ્રશિક્ષણાર્થીઓ સમાવેશી શિક્ષણ અંગેની સર્વગ્રાહી સમજ કેળવે.**

**2. પ્રશિક્ષણાર્થીઓ સમાવેશી શિક્ષણ દ્ધારા શક્ય પરિવર્તનોને ઓળખે અને તેને સમજે.**

**3. પ્રશિક્ષણાર્થીઓ શાળામાં ભણતાં તમામ બાળકોના શિક્ષણમાં સમાવેશીકરણ માટે અડચણરૂપ બનતી શાળા તંત્રની ભૂમિકા જાણે.**


1.0 પ્રસ્તાવના

1.1 ભારતીય શિક્ષણમાં બહિષ્કૃતિકરણના સ્વરૂપો :

1.2 શિક્ષણ માં સમતા,સમાનતા અને સમાવેશી શિક્ષણની સંકલ્પના

1.2.1 સમતા

1.2.2 સમાનતા

1.2.3 સમાવેશી શિક્ષણની સંકલ્પના

1.3 સમાવેશી શિક્ષણમાં વિવિધ સંસ્થાઓની ભૂમિકા

1.3.1 કુટુંબ

1.3.2 શાળા

1.3.3 સમાજ

1.3.4 સરકારી તંત્ર

1.3.5 એન.જી.ઓ (બિન સરકારી સંસ્થાઓ)

1.4 સમાવેશી શિક્ષણના ઉદાહરણો

1.4.1 સાપસણ પ્રાથમિક શાળ, તા.દાંતીવાડા, જિ.બનાસકાંઠા

1.4.2 નવા તવરા પ્રાથમિક શાળા, જિ.ભરૂચ

1.4.3 ઉજળી પ્રાથમિક શાળા, જિ.રાજકોટ

1.4.4 રાણપુર પ્રાથમિક શાળા, તા.ડીસા, જિ.બનાસકાંઠા

1.4.5 ખંઢેરી પ્રાથમિક શાળા, તા.પડધરી, જિ. રાજકોટ

1.4.6 સમાવેશનનું વિદેશનું એક જાણીતું ઉદાહરણ

1.5 સમાવેશી શિક્ષણનું મૂલ્યાંકન

1.6 સ્વાધ્યાય

1.7 સંદર્ભસૂચિ

# એકમ 1
# સમાવેશી શિક્ષણ

**1.0 પ્રસ્તાવના**

આધુનિક મનોવૈજ્ઞાનિકોએ વ્યક્તિગત તફાવતોનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. એક જ માબાપના બે સંતાનોમા પણ ઐક્ય જોવા મળતું નથી. પ્રકૃતિમાં પણ એક જ છોડની બે ડાળી ઉપર ઉગેલા ફૂલોનું સૌંદર્ય ભિન્ન ભિન્ન હોય છે. આ દ્રષ્ટિએ આધુનિક શિક્ષણવિદો શિક્ષણમાં સમાનતા ઉપર વિશેષ ભાર મૂકે છે. RTE Act-2009 અમલીકૃત બનતા શિક્ષણ એ હવે પ્રત્યેક બાળકનો અધિકાર બન્યો છે. પ્રત્યેક બાળક મહત્વનું છે,અદ્વિતીય છે, અનન્ય છે. જેથી તે શિક્ષણથી વંચિત રહે તે પાલવે તેમ નથી. સૌ બાળકોને કોઈ પણ જાતના ભેદભાવ વગર શિક્ષણ મેળવવાની સમાન તક મળે તેવી વ્યવસ્થાને સમાવેશી શિક્ષણ કહેવાય.

**સમાવેશી શિક્ષણ શા માટે ?**

**સમાવેશી શિક્ષણ શું છે ?**

**સમાવેશી શિક્ષણ કેવી રીતે ?**

આ ત્રણેય પ્રશ્નોના વૈજ્ઞાનિક ઉત્તર મેળવવાનો ઉપક્રમ પ્રસ્તુત પ્રકરણમાં રાખ્યો છે.

1. 1. **ભારતીય શિક્ષણમાં બહિષ્કૃતિકરણના સ્વરૂપો**

બહિષ્કૃતિકરણ એટલે કેટલાક જૂથોને ઈરાદાપૂર્વક બહિષ્કૃત કરી શિક્ષણથી વંચિત કરી રાખવાની પ્રક્રિયા. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં બહિષ્કૃતિકરણને તપાસીએ તો પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીમાં આપણને મોટાભાગે સમભાવ જોવા મળે છે. કૃષ્ણ–સુદામા એક સાથે ભણતા હતા તેમજ ગાર્ગી ,મૈત્રી, રોહિણી વગેરે કોઈપણ જાતના ભેદભાવ વગર પોતાની પ્રતિભા પ્રસ્થાપિત કરી શક્યા હતા.

મધ્યકાલીન યુગમાં જોઈએ તો સ્ત્રીઓની અને પુરૂષોની જાતિગત ભૂમિકા ભિન્ન ભિન્ન જણાય છે. છોકરીઓને દૂધ પીતી કરવામાં આવતી હતી તે બાબત જાતિગત અસમાનતાની પરાકાષ્ઠાનું દ્રષ્ટાંત છે. કાર્ય વહેંચણીના સંદર્ભમાં જોઈએ તો અમુક કૌશલ્યો સ્ત્રીઓ એ જ હસ્તગત કરવાના તો અમુક કૌશલ્યો પુરૂષોના એવું વર્ગીકરણ સ્ત્રી–પુરૂષની ભૂમિકામાં અસમાનતા સૂચવે છે.

સમાજમાં દિવ્યાંગોની ઉપેક્ષા કરવામાં આવતી હતી, તેથી જ આજે પણ ભારતીય વસતીમાં 3% પ્રમાણ ધરાવતા દિવ્યાંગોનો સાક્ષરતા દર રાષ્ટ્રીય સાક્ષરતા દર કરતાં ઘણો નીચો જોવા મળે છે. અમુક સમાજના કેટલાંક લોકોમાં શિક્ષણની સભાનતા આજે પણ નથી. તેથી આ સમાજ શિક્ષણથી વર્ષોથી વંચિત રહ્યો છે. આમ, ભારતીય સમાજમાં વિવિધ ઉદાહરણો દ્વારા શિક્ષણથી વંચિત રાખાયેલા બહિષ્કૃતિકરણના વિવિધ સ્વરૂપો નજરે પડે છે. જ્ઞાતિ, જાતિ, વિકલાંગતા, ધર્મ કે વિસ્તારની દ્રષ્ટિએ શિક્ષણથી અકારણ વંચિત રહેલા જૂથોને શિક્ષણમાં પુન: સમાવિષ્ટ કરવા જોઈએ તે બાબત ૨૧મી સદીમાં જોર પકડી રહી છે. યુનેસ્કોના મતે સૌના માટે ગુણવત્તાસભર શિક્ષણના લક્ષ્યાંકની પ્રાપ્તિ કરવી હોય તો શિક્ષણથી વંચિત રહેલા તમામ જૂથોને ઔપચારિક શિક્ષણ સાથે જોડવા જ પડે અને આ બાબત જ સમાવેશી શિક્ષણ.

## 1.2 શિક્ષણમાં સમતા,સમાનતા અને સમાવેશી શિક્ષણની સંકલ્પના

### 1.2.1 સમતા

સમતા એટલે પ્રત્યેક વ્યક્તિ સાથે સમાન રીતે વ્યવહાર કરવો .બીજા શબ્દોમા કહીએ તો સમતા એ કુદરતી ન્યાયની એવી પ્રક્રિયા છે કે જેમા પ્રત્યેકને સમાન તક આપવામાં આવે છે .ઓક્સફર્ડ ડીક્ષનરી અનુસાર 'A situation in which everyone is treated equally' આમ ,ધર્મ, જ્ઞાતિ, જાતિ, વિકલાંગતા કે વિસ્તારનો ભેદભાવ રાખ્યા વગર પ્રત્યેક સાથે સમાન રીતે વ્યવહાર કરવાની પ્રક્રિયા સમતા સૂચવે છે.

### 1.2.2 સમાનતા

સમાનતા એટલે કોઈપણ જાતના ભેદભાવ વિના પ્રત્યેકને વિકસવા માટેની સમાન તક . ઓક્સફોર્ડ ડીક્ષનરીના શબ્દકોશીય અર્થ અનુસાર "The principle of equality before the law (= the law treats everyone with the same ) બીજી રીતે જોઈએતો equality means: " The fact of being equal in rights ,status,advantages etc." પશ્ચાત જગતમાં થોમસ હોબ્સ, જાન લાંક અને રૂસો જેવાનું ચિંતન સમાનતાની બાબતે સકારાત્મક છે . રૂસોએ પ્રત્યેક મનુષ્યોને સમાન માન્યા છે . હોબ્સના મતે પ્રકૃતિએ પ્રત્યેકને શારીરિક અને માનસિક દ્રષ્ટીએ સમાન બતાવ્યા છે .લાંકની માન્યતા એ છે કે પ્રકૃતિની દ્રષ્ટિએ સૌ મનુષ્ય સમાનતા ધરાવે છે .જેમાં તમામ શક્તિઓ અને અધિકાર ક્ષેત્ર પરસ્પરાવલમ્બી છે .રૂસો સમાનતાના પ્રબળ સમર્થક છે .તેઓએ તેમના નિબંધ –Discourse on the origin of inequalityમાં નોંધ્યું છે કે પ્રાકૃતિક રીતે પ્રત્યેક મનુષ્ય સમાન છે .પરંતુ સામાજિક, રાજનૈતિક અને સંપત્તિજન્ય અધિકારની દ્રષ્ટિએ તેમાં અસમાનતા ઊભી થયેલ છે .મૂળભૂત રીતે પ્રત્યેક મનુષ્ય સમાન છે .એવો મુખ્ય સૂર ભારતીય ધર્મદર્શનનો પણ છે .શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પ્રધાન વાક્ય 'અહં બ્રહ્માસ્મિ' 'હું બ્રહ્મ સ્વરૂપ છું ' તે પ્રત્યેક મનુષ્યમાં રહેલી સમાનતાને સૂચવે છે.

### 1.2.3 સમાવેશી શિક્ષણની સંકલ્પના

આધુનિક સમયમાં સમાવેશી શિક્ષણ (Inclusive Education)અને શિક્ષણમાં સમાવેશન (Inclusion in Education) આ બે શબ્દો પ્રચલિત છે .બન્નેના અર્થ ભિન્ન હોવા છતાં તે ઘણીવાર સમાન અર્થે પ્રયોજાય છે .સમાવેશી શિક્ષણ એટલે વિકલાંગ બાળકો અન્ય બાળકો સાથે, એક જ શાળામાં એક જ અભ્યાસક્રમનો અભ્યાસ સાથે મળીને કરે તે અધ્યયન પ્રક્રિયાને સમાવેશી શિક્ષણ કહે છે.

" Inclusive education happens children with and without disabilities participate and learn together in the same classes."

કમનસીબે વિકલાંગ બાળકોના શિક્ષણ સાથે જોડાયેલો શબ્દ સમાવેશન માટે પ્રયોજાતો હતો અને શિક્ષણથી વંચિત રહેલા જૂથોની બાદબાકી થઈ જતી હતી .આધુનિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણમાં સમાવેશન એટલે –ધર્મ, જ્ઞાતિ, જાતિ ,લિંગ ,શારીરિક વિકલાંગતા કે વિસ્તારનો ભેદભાવ રાખ્યા વિના સૌને શિક્ષણ માટેની સમાન તક કે અવસર પૂરા પાડવાની પ્રક્રિયા. યુનેસ્કોના અભિપ્રાય અનુસાર

"સમાવેશી શિક્ષણ એટલે શિક્ષણ, સંસ્કૃતિઓ અને સમુદાયોની સહભાગિતા વધારીને શિક્ષણ તથા શિક્ષણની અંદરના નિષેધને ઘટાડી તમામ અધ્યેતાઓની વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં લેવાની અને પ્રતિભાવ આપવાની પ્રક્રિયા ."

"પ્રત્યેક બાળકમાં વિવિધતાસભર જરૂરિયાતોને ધ્યાનમાં રાખી તેમની અધ્યયન–અધ્યાપનમાં સહભાગીદારીતા વધારવા સંસ્કૃતિ ,સમાજ તેમજ શિક્ષણમાંથી તેમની વંચિતતા ઘટાડવાની પ્રક્રિયા એટલે શિક્ષણમાં સમાવેશન ."

"શારીરિક ,બૌદ્ધિક ,સાંવેગિક ,સામાજિક ,ભાષાકીય કે અન્ય કોઇ રીતના ભેદભાવોને અવગણીને તમામ બાળકોને તેમની શાળાઓમાં સમાવેશ કરવાની જવાબદારી એટલે શિક્ષણમાં સમાવેશન ."

આમ ,શિક્ષણમાં સમાવેશન એ તમામ વિદ્યાર્થીઓને કોઇપણ જાતનાં ભેદભાવ વગર શિક્ષણની સમાન તક આપતી સ્થિતિ છે .જેમાં વિદ્યાર્થી સ્વગતિએ અને અન્યનો સહકાર મેળવીને પ્રગતિ કરી શકે છે.

## 1.3 સમાવેશી શિક્ષણમાં વિવિધ સંસ્થાઓની ભૂમિકા

### 1.3.1 કુટુંબ

કુટુંબ એ સમાજની લઘુ આવૃત્તિ છે .બીજા શબ્દોમાં કહીએ તો કુટુંબએ સમાજનો પાયાનો એકમ છે .કુટુંબની રૂઢીઓ ,વલણો કે માન્યાતાઓ શિક્ષણમાં સમાવેશનને દ્રઢ કે નબળી બનાવે છે . "દીકરો દીકરી એક સમાન "માન્યતા ધરાવતા કુટુંબ દીકરા દીકરી બન્નેને શિક્ષણ અને વિકાસની તકો સમાન રીતે પૂરી પાડે છે .જ્યારે દીકરીને પારકી થાપણ કે ઉપાધિ માનનાર કે સાપનો ભારો "સમજનાર કુટુંબમાં વિકાસની સમાન તકો મળતી નથી .આમ ,કુટુંબ કે પરિવારના તમામ સભ્યોને શિક્ષણ અને શિક્ષણથી થતા લાભો તેમજ 'બેટી બચાવો બેટી પઢાઓ' જેવી થીમ આધારિત ફિલ્મ નિદર્શન દ્વારા સમજાવવા આવે, જાગૃત કરવામાં આવે તો કુટુંબ એ શિક્ષણમાં સમાવેશન માટેની શ્રેષ્ઠ સંસ્થા બને છે .

### 1.3.2 શાળા

શાળા એ વિદ્યાર્થીઓનું સામાજિકીકરણ કરતી સંસ્થા છે. શાળાના મુખ્ય ત્રણ ઘટકો છે : ૧, મુખ્ય શિક્ષક ૨, શિક્ષક ૩. વિદ્યાર્થી. ત્રણેયની વ્યક્તિગત સમજણ અને પારસ્પરિક સંબંધો સમાવેશી શિક્ષણને અસર કરે છે. શાળામાં પ્રવેશ મેળવવા ઇચ્છુક દિવ્યાંગ બાળકને મુખ્ય શિક્ષક પ્રવેશ ન આપે તો ? શિક્ષક ડીસલેક્સિયા ધરાવતા બાળકની અવગણના કરે તો ? વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ઘટી જાય. યાદ કરો, 'તારે જમીં પર' ફિલ્મનો ઇશાન. જો શિક્ષક અને મુખ્ય શિક્ષક શિક્ષણમાં સમાવેશનનુ મહત્વ સમજે અને વિદ્યાર્થીને વિકાસ માટેની તકો પૂરી પાડે તો તે ચોક્કસ વિકસી શકે . ઉપરોક્ત ફિલ્મમાં ઇશાન ચિત્ર સ્પર્ધામાં તેના ગુરુને હરાવે છે. આમ, શાળાના ત્રણેય ઘટકોએ પારસ્પરિક સહકારયુક્ત વિકાસાત્મક અભિગમ અપનાવી, આત્મવિશ્વાસપૂર્વક શિક્ષણ અને વિકાસનો રાહ પકડવો જોઇએ.

**1.3.3 સમાજ**

સમાજ એ અનૌપચારિક શિક્ષણ આપતી મહત્વની સંસ્થા છે. સમાજના વલણો સકારાત્મક હોય તો કોઈપણ વ્યક્તિ સરળતાથી વિકાસના પંથે અગ્રેસર થઈ શકે છે. કલ્પના ચાવલા ,સુનિતા વિલિયમ્સ પ્રત્યે કુટુંબ,શાળા અને સમાજ રૂઢીગત રહ્યો હોત તો તેઓ અવકાશયાત્રી કયારેય ન બની શક્યા હોત. આથી જ હેલન કેલર સ્પષ્ટ જણાવે છે કે વિકલાંગતા વ્યક્તિને એટલુ નુકસાન નથી પહોંચાડતી જેટલુ વિકલાંગ પ્રત્યે સમાજના નકારાત્મક વલણો નુકસાન પહોંચાડે છે. 'સ્પર્શ' ફિલ્મમાં નેત્રહીનના સ્વાવલમ્બનની વાતો છે. 'કશિશ' અને 'ખામોશી' ફિલ્મોમાં મૂક બધિર વ્યક્તિના સમાયોજન અને વિકાસની વાત આવે છે. 'બ્લેક' ફિલ્મમાં બહુવિકલાંગ વ્યક્તિને એક શિક્ષક કેવી રીતે જીવન શિક્ષણ આપી શકે તેનું જીવંત અને ઉત્કૃષ્ટ ઉદાહરણ દર્શાવ્યું છે. તે જ રીતે મહિલા હોકી ટીમને તેનો પુરૂષ કોચ સિત્તેર મિનિટ ઝઝૂમવાની પ્રેરણા આપી હોકી ટીમનો કપ જીતાડે છે. તેનું તાદ્રશ્ય વર્ણન 'ચક દે ઈન્ડીયા' ફિલ્મમાં જોવા મળે છે.

તાલીમાર્થી મિત્રો, શિક્ષણમાં સમાવેશન અંગે ઉપર દર્શાવેલી ફિલ્મ ચોક્કસ જૂઓ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરી આવી ગુજરાતીહિંદી ,,અંગ્રેજી ફિલ્મોની યાદી તૈયાર કરો.

**1.3.4 સરકારી તંત્ર**

શિક્ષણમાં સમાવેશનમાં સરકારી વહિવટી તંત્રની ભૂમિકા પણ અતિ મહત્વની છે. સરકારે ૨૦૧૬ નો RPWD Act : પસાર કર્યો. પરિણામે નોકરી વ્યવસાયમા 3% અનામત જગ્યાઓ ભરવાની અમલીકૃત બનતા ઘણીબધી દિવ્યાંગ વ્યક્તિઓ શિક્ષણ મેળવી વ્યાવસયિક રીતે સુસજ્ઞ થઇ તે જ રીતે કન્યા કેળવણી ઝુંબેશને લીધે ઘણી બધી કન્યાઓ સુશિક્ષિત થઈ સરકારી કે ખાનગી ક્ષેત્રોમા નોકરી મેળવી શકી છે, તેમજ સ્વતંત્ર વ્યવસાય કરતી થઈ છે. હાલમાં ભારતીય સેનામાં પણ મહિલાઓ ઉચ્ચ હોદ્ધાઓ પર કામ કરી રહી છે.

**વિશેષ માહિતી માટે 'સુગમ્ય ભારત' જેવી વેબસાઇટ જૂઓ અને વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો થકી વંચિત જૂથોમા થયેલા વિકાસનો તુલનાત્મક અભ્યાસ કરો.**

**1.3.5 એન.જી.ઓ. (બિન સરકારી સંસ્થાઓ):**

શિક્ષણથી વંચિત જૂથો માટે વિવિધ બિનસરકારી સંસ્થાઓ કાર્યરત છે. 'સેવ ધ ગર્લ','સેવ ધ ચાઇલ્ડ', 'અંધજન મંડળ–અમદાવાદ, 'નવચેતના ટ્રસ્ટ–માધાપર–કચ્છ, જેવી સંસ્થાઓ વિવિધલક્ષી કાર્યો ઉપાડી વંચિત જૂથોને શિક્ષિત અને વ્યાવસાચિક કૌશલ્યોથી સમૃદ્ધ બનાવવા તરફ અગ્રેસર રહ્યા છે. આવી બીનસરકારી સંસ્થાઓમાં યુનિસેફનું પ્રદાન પણ ઉલ્લેખનીય છે.

**તાલીમાર્થી મિત્રો, શિક્ષણમાં સમાવેશન સંદર્ભે યુનિસેફના પ્રદાન વિષે તેની વેબસાઇટ પરથી માહિતી મેળવો.**

## 1.4 સમાવેશી શિક્ષણના ઉદાહરણો

પ્રશિક્ષણાર્થી મિત્રો, અત્યાર સુધી આપણે સમાવેશી શિક્ષણની સંકલ્પના અને સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કર્યો. આ સમજણમાં અભિવૃદ્ધિ થાય એટલે ગુજરાત રાજ્યની વિવિધ શાળાઓમાં શિક્ષકો દ્ધારા સમાવેશી શિક્ષણ માટે થયેલા સકારાત્મક પ્રયત્નો દ્રષ્ટાંત સ્વરૂપે જોઇએ.

### 1.4.1 **સાપસણ પ્રાથમિક શાળા, તા.દાંતીવાડા, જિ.બનાસકાંઠા**

આ શાળા આદિવાસી વિસ્તારમાં આવેલી છે. તેઓની બોલી માન્ય ગુજરાતી ભાષા કરતા જુદી. શિક્ષક માન્ય ભાષામાં શીખવે પણ બાળકોને સમજણ ન પડે. પરિણામે શિક્ષણમાં બાળકોનો રસ ઓછો થયો અને ગેરહાજરીનું પ્રમાણ વધ્યું. સમજદાર શિક્ષકને સમસ્યા સમજાય અને તેણે બોલી શીખી લીધી. બોલીનો શબ્દકોશ બનાવ્યો. બોલીના ગીતો અને વાર્તાઓ તો ખરી .બોલીથી શરૂ કરી માન્ય ભાષા સુધી શિક્ષણ આપવામાં શિક્ષકો સફળ થયા અને આદિવાસી બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહ્યા. છે ને સમાવેશનનું સુંદર ઉદાહરણ !

### 1.4.2 નવા તવરા પ્રાથમિક શાળા, જિ. ભરૂચ

આ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય મજૂરી. માબાપ મજૂરીએ જાય. પરિણામે શાળામાં બાળકોની ગેરહાજરીનું પ્રમાણ ખૂબ વધ્યું. સમસ્યાનો ઉકેલ લોકભાગીદારીથી લાવવા પ્રયાસ કરવામાં આવ્યો. એસ.એમ.સી.માં જાગૃતિ લાવી વાલી મિટીંગ કરવામાં આવી. બાળકો શાળાએ મહત્તમ પ્રમાણમા આવે તેવું પ્રવૃત્તિસભર અને આનંદદાયી વાતાવરણ નિર્માણ કરવામાં આવ્યું. સૌના સહિયારા પ્રયાસોથી વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત થતા બચી ગયા. આ છે સમજદાર સમાજ દ્ધારા સમાવેશનનું અનુકરણીય ઉદાહરણ.

**પ્રશિક્ષણાર્થી મિત્રો,GIET,અમદાવાદ નિર્મિત સમાવેશી શિક્ષણની ડી.વી.ડી. ધ્યાનપૂર્વક જૂઓ. અને સમાવેશી શિક્ષણ પાછળના મુખ્ય સૂચિતાર્થો તારવો.**

## 1.5 સમાવેશી શિક્ષણનું મૂલ્યાંકન

સમાવેશી શિક્ષણ એટલે તમામ બાળકોના અસ્તિત્વના સ્વીકાર સાથે શિક્ષણ દ્ધારા તેના વિકાસની તક પૂરી પાડવી. વિશ્વકક્ષાએ અમલીકૃત આ અભિગમને લીધે શિક્ષણથી વંચિત રહેલા જૂથો (જાતિ, ધર્મ, ભાષા, સામાજિક– આર્થિક દરજ્જો વિસ્તાર વગેરેના ભેદભાવના કારણે ઉપેક્ષિત રહેતાં જૂથો) સારી રીતે ઔપચારિક શિક્ષણ સાથે જોડાય છે અને પોતાના જીવનનો વિકાસ કરી સ્વપ્રગતિ થકી રાષ્ટ્રીય પ્રગતિમાં સહભાગી બને છે. આવા ઉમદા ઉદેશ્ય સાથે અમલીકૃત બનેલી સમાવેશી શિક્ષણની પ્રક્રિયાનું મૂલ્યાંકન પરંપરાગત રીતે કરીએ તો ખોટા માર્ગે જવાનો સંભવ છે. આ અભિગમથી ઔપચારિક શિક્ષણમાં જોડાયેલા વિદ્યાર્થીઓ વધારાનું અનુકૂલન કરતા હોય મૂલ્યાંકનનાં માપદંડોમાં લચિલાપણું અને ઔદાર્ય દાખવવાની જરૂર છે. આથી જ આ દિશામાં સરકારશ્રીએ નીતિ વિષયક ઘણા નિર્ણયો લીધા છે . દિવ્યાંગ બાળકો માટે પાસિંગ ધોરણ 35% ના સ્થાને થોડું નીચું રાખવામાં આવ્યું છે. વ્યાવસાયિક અભ્યાસક્રમોમા સફળતાપૂર્વક ઉત્તીર્ણ થનાર

વંચિત જૂથોના વિદ્યાર્થીઓ માટે વ્યવસાય પ્રાપ્તિનું ધોરણ સામાન્યસ્તર કરતા થોડું નીચું રાખવામાં આવ્યું છે. તે જ રીતે 'સુગમ્ય ભારત' અભિગમમાં ભૌતિક સંસાધનોને દિવ્યાંગ માટે અનુકૂળ બનાવવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. સકલાંગ અને વિકલાંગ વ્યક્તિ પરણિત થઈ પ્રભુતામાં પગલા માંડે તો તે માટે પણ આર્થિક અનુદાન કે પ્રોત્સાહક યોજનાઓ છે. લઘુમતી જૂથો માટે અને કન્યાઓના શિક્ષણ માટે વૈવિધ્યપૂર્ણ અનેકવિધ યોજનાઓ ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા અમલીકૃત કરવામાં આવી છે.  સરકારશ્રીના ઉપર્યુક્ત પ્રયત્નોને લીધે વંચિત જૂથો સામાન્ય સમાજ સાથે અનુકૂલિત થઈ સરળતાથી પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યા છે અને સ્વનિર્ભરતાથી સમાજ ઉપયોગી ઉત્પાદક અંગ બની શક્યા છે. સમાજના વંચિત જૂથો પ્રત્યેના અને વંચિત જૂથોના સમાજ પ્રત્યેના વલણો વધુ સકારાત્મક બન્યા છે. આમ, સામાન્ય સમાજમાં વંચિત જૂથોના સભ્યોનો સહજ સ્વીકાર થઈ રહ્યો છે જે આ અભિગમની સફળતા ગણી શકાય.  સમગ્ર રીતે સમાવેશી શિક્ષણનું મૂલ્યાંકન કરવામા આવે તો...

- વંચિત જૂથોના સભ્યોનો સહજ સ્વીકાર સામાન્ય સમાજ દ્વારા થયો છે.
- તેઓ સહઅસ્તિત્વ સાથે વિકાસોન્મૂખ બન્યા છે.
- વંચિત જૂથો પણ પોતાની આવડત અને કૌશલ્ય થકી સામાજિક વિકાસમાં પોતાનું પ્રદાન આપી

  રહ્યા છે.

આથી જ, વિખ્યાત અમેરિકન કેળવણીકાર અને સમાવેશી શિક્ષણના પ્રબળ સમર્થક સેન્યુઅલ હોવેમા માને છે કે વંચિત જૂથો એ સમાજથી અલગ હોય જ ના શકે. તેઓ સમાજમાં  રહી, સમાજ માન્ય માર્ગે વિકસિત થઈ રાષ્ટ્રીય  વિકાસમાં  પોતાનુ પ્રદાન આપી શકે તેવા સમર્થ બનવા જોઇએ.

**ઇન્ટરનેટનો  ઉપયોગ કરી વિવિધ પ્રકારના વંચિત જૂથો માટે સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વિવિધ યોજનાઓનો અભ્યાસ કરી અભ્યાસપત્ર તૈયાર કરો.**

### 1.6 સ્વાધ્યાય

### પ્રશ્ન–1 નીચેના પ્રશ્નોના મુદાસર જવાબ આપો.

1. નીચેની સંકલ્પનાઓ સમજવો.
   સમતા, સમાનતા, સમાવેશી શિક્ષણ
2. સમાવેશી શિક્ષણ એટલે શું? તેમાં ક્યા ક્યા જૂથોનો સમાવેશ થાય છે?
3. શિક્ષણમા બહિષ્કૃતતાના સ્વરૂપો  એક દ્રષ્ટાંત આપી સમજાવો.
4. સમાવેશી શિક્ષણના મુખ્ય હેતુઓ લખો.

### પ્રશ્ન–2 વિગતે ઉત્તર આપો.

1. ભારતીય શિક્ષણના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણમા બહિષ્કૃતતાના સ્વરૂપો સદ્રષ્ટાંત સમજાવો.

2. સમતા અને સમાનતા સંદર્ભે પશ્ચાત વિચારકોના મંતવ્યો વર્ણવી ભારતીય વિચારકો સાથે કેવી રીતે સમન્વય ધરાવે છે તે સમજાવો.

3. શિક્ષણમા સમાવેશનના વિવિધ ઉદાહરણો વર્ણવો.

4. શિક્ષણમાં સમાવેશનનું મૂલ્યાંકન : વિગતે સમજાવો.

## 1.7 સંદર્ભસૂચિ


1 . શિક્ષણમાં સમાવેશન મોડ્યુલ જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગર

2 .National curriculum Framework-2005 NCERT-New Delhi

3 . સમાવેશી શિક્ષણ ડી.વી.ડી., GIET,Ahmedabad

4. Head Teacher Training Module,GCERT,GAndhinagar

5. કાનૂની જ્ઞાન–બ્લોગ

6. પશ્ચાત રાજનિતીક વિચારો કા ઇતિહાસ, પ્રભુદત્ત શર્મા

7. વિશિષ્ટ શૈક્ષિક આવશ્યક્તાઓ વાલે બાલકો કી શિક્ષા,મનોજ કુમાર

8. જીવન શિક્ષણ (નવેમ્બર – ૨૦૧૫ અને જૂન – ૨૦૧૧). જીસીઇઆરટી : ગાંધીનગર

9 . www.rcs.as.uk

10 .www.hi.n.wikipedia.org

11 .www.teachersofindia.org

# એકમ 2
# વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો

**હેતુઓ**

- **પ્રશિક્ષણાર્થીઓ વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોના શિક્ષણ માટે પ્રવર્તમાન અભિગમોથી પરિચિત થાય.**
- **પ્રશિક્ષણાર્થીઓ બાળકોના અધ્યયનને અસર કરતા પરિબળો વિશે જાણે.**

2.0 પ્રસ્તાવના

2.1 વિકલાંગતા અને સમાવેશનનું ઐતિહાસિક અને પ્રવર્તમાન પરિપ્રેક્ષ્ય

- 2.1.1 વિકલાંગતા (Disability)ની સંકલ્પના
- 2.1.2 વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો (Children with Specially Need )ની સંકલ્પના
- 2.1.3 વિકલાંગતા અને સમાવેશનનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય
  - 2.1.3.1 વિકલાંગતા અને સમાવેશન પ્રવર્તમાન પરિપ્રેક્ષ્ય
  - 2.1.3.2 વિકલાંગતા અને સમાવેશન કાયદાઓ :
  - 2.1.3.3 વિકલાંગોનું શિક્ષણમાં સમાવેશન

2.2 અધ્યયન મુશ્કેલીઓનો વિસ્તાર

2.3 અક્ષમતાની ઓળખ, મૂલ્યાંકન અને તેને પહોંચી વળવું

- 2.3.1 વાચનમાં અક્ષમતા (Dyslexia)
- 2.3.2 ગણનમાં અક્ષમતા (Dyscalculia)
- 2.3.3 લેખનમાં અક્ષમતા (Dysgraphia)
- 2.3.4 સ્વલીનતા (Autism)

2.4 અધ્યયન મુશ્કેલીઓ ધરાવતા બાળકોના શિક્ષણ માટેના અભિગમો અને કૌશલ

2.5 સારાંશ

2.6 સ્વાધ્યાય

2.7 પ્રોજેક્ટ વર્ક

2.8 સંદર્ભ સૂચિ

# એકમ 2
# વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો

**2.0 પ્રસ્તાવના**

ભારત સરકાર તથા રાજ્ય સરકાર શિક્ષણના સાર્વત્રિકરણ માટે અવિરત પ્રયાસ કરે છે. જેના ભાગરૂપે અનેક સરકારી યોજનાઓ અને Right to Education (RTE)એક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે. જેના પરિણામ સ્વરૂપે સમાજના વિભિન્ન વર્ગના, ભિન્ન ભિન્ન જરૂરિયાતવાળા તથા વિવિધ લાક્ષણિકતા ધરાવતા બાળકોને શાળામાં શિક્ષણ મેળવવાની સુવિધા અને અવસર પ્રાપ્ત થઈ રહ્યાં છે. એક તરફ તમામ બાળકોને શાળામાં નામાંકિત કરવાના લક્ષને આપણે સિદ્ધ કરવામાં 100 ટકા સફળ થયા છીએ. બાળકોની ભિન્ન સંસ્કૃતિ, સામાજિક સ્તર, આર્થિક સ્તરની અવરોધરૂપ બનતી અસરને નામાંકનમાં નિવારી શક્યા છીએ.તો બીજી તરફ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાની પડકારજનક પરિસ્થિતનો સામનો કરવાનો થાય છે. તેમાં પણ ખાસ કરીને શારીરિક તથા માનસિક અક્ષમતા ધરાવતા બાળકોને શિક્ષણ આપવાનો પડકાર સૌથી મોટો છે. આવા બાળકોને વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો તરીકે ઓળખવામાં આવે છે. કેમકે, આવા બાળકો સામાન્ય બાળકો કરતાં ભિન્ન લાક્ષણિકતા અને સક્ષમતા ધરાવતા હોય છે. આ પડકારને પહોંચી વળવા માટે આવા બાળકોમાં જોવા મળતા વૈયક્તિક ગુણ–લક્ષણોને ઓળખવા જરૂરી બને. તેઓની વિવિધ જરૂરિયાતોને ઓળખવી જરૂરી બને એટલું જ નહિ તેઓની અધ્યયન પ્રક્રિયામાં અવરોધરૂપ બનતી બાબતોને ઓળખવી સવિશેષ જરૂરી છે. આ પ્રકરણમાં આવા વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની ઓળખ તથા તેના શિક્ષણ વિશે સમજવા પ્રયાસ કરીશું.

## 2.1 વિકલાંગતા અને સમાવેશનનું ઐતિહાસિક અને પ્રવર્તમાન પરિપ્રેક્ષ્ય

વિકલાંગતા અને સમાવેશનના ઐતિહાસિક અને પ્રવર્તમાન પરિપ્રેક્ષ્ય વિશે જાણીએ તે પહેલાં વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો તથા તેને સંલગ્ન પદોની સંકલ્પના સ્પષ્ટ કરીશું.

### 2.1.1 વિકલાંગતા(Disability)ની સંકલ્પના :

વિકલાંગતા શબ્દ ‘વિકલ્’ અને ‘અંગ’ એ બે શબ્દો જોડાવાથી બનેલ શબ્દ છે. ‘વિકલ્’નો અર્થ ‘ખંડિત, અપૂર્ણ, અસમર્થ’એવો થાય છે. જ્યારે ‘અંગ’ એટલે ‘શરીરનો અવયવ કે શરીરનો ભાગ’ થાય છે. આમ,વિકલાંગ એટલે ખંડિત, અપૂર્ણ કે અશક્ત અંગ કે શરીર એવું કહી શકાય. ટૂંકમાં સામાન્યત: શરીરના અંગો પૈકી કોઈ એક કે તેથી વધારે અંગોમાં જન્મજાત કે અકસ્માતે પેદા થયેલી કોઈ ઉણપને વિકલાંગ કહી શકાય. નેશનલ ટ્રસ્ટ એકટ(1999)એ વિકલાંગની વ્યાખ્યા આ મુજબ આપે છે.

‘ ‘વિકલાંગ વ્યક્તિ એટલે સ્વલીનતા (ઓટીઝમ), મગજનો લકવો (સેરેબ્રલ પાલ્સી), મંદબુદ્ધિ (મેન્ટલ રીટાર્ડેશન) અને બહુવિધ વિકલાંગતા (મલ્ટીપલ ડીસએબીલીટીઝ) આ ચારમાંથી કોઈ એકથી ઓછામાં ઓછા ચાલીસ ટકા અસરથી પીડાતી વ્યક્તિ જેને તબીબી સત્તા અધિકારીએ પ્રમાણિત કરેલ હોય.’’

- (નેશનલ ટ્રસ્ટ એક્ટ,1999)

ગુજરાત રાજ્ય સરકારે ચાલુ વર્ષ 2011 માં 'વિકલાંગ બાળક'ના બદલે 'દિવ્યાંગ બાળક' એમ નામકરણ જાહેર કરેલ છે.

**2.1.2 વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો (Children with Specially Need)ની સંકલ્પના :**

વિશિષ્ટ જરૂરિયાત ધરાવનાર બાળકો માટે ગુજરાતીમાં 'અસાધારણ બાળકો' કે 'અપવાદરૂપ બાળકો'શબ્દ પ્રયોજાય છે. અંગ્રેજીમાં આવા બાળક માટે ઘણા શબ્દો વપરાય છે– 'Abnormal Child', 'Exceptional Child', 'Impaired Child', 'Handicapped Child'. શરૂઆતમાં 'અક્ષમતા ધરાવતા બાળકો' (Disable Children) એવો શબ્દ પ્રયોજવામાં આવતો હતો.જેને હવે 'ભિન્ન રીતે સક્ષમતા ધરાવતા બાળકો' (Differently AbleChildren) તરીકે ઓળખવામાં આવે છે.

"અપવાદરૂપ બાળક એને ગણવામાં આવે છે કે જેની શૈક્ષણિક જરૂરિયાતો સામાન્ય બાળકથી એટલી બધી જુદી હોય છે કે તેને ખાસ શૈક્ષણિક કાર્યક્રમો, સેવાઓ, સુવિધાઓ અને સાહિત્ય વગર અસરકારક રીતે શીખવી શકાય નહીં." – **ગીર હર્ટ**

"અપવાદરૂપ બાળક એ છે કે જે બાળક માનસિક લક્ષણો, સાંવેદનિક શક્તિઓ, ચેતા–સ્નાયવિક કે શારીરિક લક્ષણો, સામાજિક કે સાંવેગિક વિકાસ અને વાત–ચીત કરવાની શક્તિની બાબતમાં સામાન્ય બાળકથી જુદું પડે છે. આ વિચલિતતા એટલી હદ સુધી હોય છે કે તેની આ શક્તિઓને મહત્તમ કક્ષા સુધી વિકસાવવા માટે શાળાના નિયમિત કાર્યક્રમોમાં ફેરફાર કે ખાસ સેવાઓની જરૂર પડે છે.'' **– કિર્ક**

આમ, વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો એટલે એવા બાળકો કે જેઓ ...

- સામાન્ય બાળકોથી તદ્દન ભિન્ન હોય છે.
- આ બાળકોના અસાધારણતાના કે અપવાદરૂપતાના પાસાં કે ક્ષેત્ર જુદાં જુદાં હોય છે.
- સામાન્ય બાળકોથી તેઓની ભિન્નતા તેઓના વ્યક્તિત્વનાં શારીરિક, માનસિક, સાંવેગિક કે સામાજિક પાસાંઓની હકારાત્મક કે નકારાત્મક પૈકી કોઈ એક બાજુની હોય છે તેમજ આ પૈકી કોઈ એક પાસાંમાં કે એકથી વધુ પાસાંનાં ગુણ–લક્ષણો નબળાં કે ખામીયુક્ત હોય છે તેમજ આનું પ્રમાણ વત્તા–ઓછા અંશે રહેલ હોય છે. જેમકે, દ્રષ્ટિના ગુણ–લક્ષણની ખામીમાં : દ્રષ્ટિ હીનતા, અલ્પ દ્રષ્ટિ...વગેરે
- સામાન્ય બાળકોની તુલનામાં આવા બાળકો પોતાની જાત સાથે,સમાજ સાથે કે પર્યાવરણ સાથે અનુકૂલન સાધવામાં અસામાન્ય મુશ્કેલી અનુભવે છે.
- સામાન્ય બાળકોની તુલનામાં આવા બાળકો અતિ વિચલિતતા ધરાવતા હોય છે.
- સામાન્ય બાળકોની તુલનામાં આવા બાળકોના વિકાસ તથા ક્ષમતા–શક્તિના વિકાસ માટે વધુ પ્રમાણમાં કે ઓછા પ્રમાણમાં સંભાળ, માવજત કે શિક્ષણની જરૂર પડે છે.
- સમાવેશનની સંકલ્પના આપણે આગળના પ્રકરણમાં જોઇ ગયા છીએ.

### 2.1.3 વિકલાંગતા અને સમાવેશનનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય:

ભારતના ઈતિહાસમાં રામના સમયમાં એક અનન્ય વિભૂતિ અષ્ટાવક્ર થઇ ગયેલ. જન્મથી જ તેના આઠ અંગો વક્ર હતા. તે અષ્ટાવક્ર એક અદ્વિતીય જ્ઞાન ધરાવતા તેજસ્વી ઋષિ બન્યા. જનક જેવા રાજવી પણ જેને સન્માન આપતા. કૃષ્ણભક્તસૂરદાસથી પણ આપણે અજાણ નથી. આ બંને જે–તે સમયમાં વિકલાંગ વ્યક્તિઓનું સમાજમાં સ્વીકાર અને સન્માનનું પ્રતીક છે. એટલું જ નહિ એ સમયના શિક્ષણમાં સમાવેશનનું ઉત્તમ ઉદાહરણ પણ છે. પરંતુ કાળના પ્રવાહ સાથે ન જાણે આવા કેટલાય અષ્ટાવક્ર અને સૂરદાસ શિક્ષણના માધ્યમથી વિકસવાની તકથી વંચિત રહી ગયા. સમાજ પરિવર્તનશીલ હોય છે. સમયાંતરે તેમાં પરિવર્તન આવ્યા કરે છે. વિકલાંગ વ્યક્તિ પણ એક સક્ષમ માનવ બનવા હકદાર છે. તે બાબતને લઇને પરિવર્તનની હવા ફૂંકાઇ. જે અન્વયે કેટલાક કાયદા કાનૂન બન્યા. સમયાંતરે તેમાં જરૂરી સુધારા પણ થયા.

#### 2.1.3.1 વિકલાંગતા અને સમાવેશન પ્રવર્તમાન પરિપ્રેક્ષ્ય:

છેલ્લાં 30 વર્ષથી વિકલાંગ વ્યક્તિઓ પરત્વે સરકાર અને સમાજનો અભિગમ બદલાયો. તેઓ પણ એક માનવ છે. જીવવાનો, વિકસવાનો અને રક્ષણનો અધિકાર ધરાવે છે. તે બાબતે સવિશેષ પ્રયાસો થયા અને કાયદાઓ ઘડાયા. કેટલાંક અપવાદો બાદ કરતાં આવી વ્યક્તિઓ સમાજમાં સ્વીકૃત બની અને સન્માનભેર જીવવા લાગી છે.

#### 2.1.3.2 વિકલાંગતા અને સમાવેશન: કાયદાઓ

વિકલાંગતાના સંદર્ભમાં જોઈએ તો ભારતમાં મુખ્ય ત્રણ કાયદાઓ ઘડવામાં આવ્યા છે.

**(1) રીહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઇન્ડિયા એકટ,૧૯૩૨ (આર.સી.આઇ. એકટ)**

સન 2000 માં આRCI એકટમાં સુધારા કરવામાં આવ્યા. આ એકટ દ્રષ્ટિની ખામી, શ્રવણની ખામી, હાડકાની ખામી અને માનસિક ક્ષતિની ઓળખ કરે છે અને તેઓના અભ્યાસ, વ્યાવસાયિક સજ્જતા અને તે સાથે સંકળાયેલ અભ્યાસક્રમો અને તાલીમો માટે કાર્ય કરે છે.

**(2) RPWD (The Right of persons with Disabilities) ACT 2016**

"વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો માટેનો અધિનિયમ ૨૦૧૬ "

૧૪મી ડિસેમ્બર ૨૦૧૬ ના દિવસે જેની લાંબા સમયથી રાહ જોવાય રહી હતી એવો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર માટેના વિધેયક ૨૦૧૬ રાજ્ય સભામાં અને ત્યાર બાદ લોક સભામાં પસાર કરવામાં આવ્યું. આખરે ૨૮ ડિસેમ્બરે ૨૦૧૬ ના રોજ સરકારશ્રી દ્વારા તેને ગેઝેટમાં પસાર કરવામાં આવ્યું.આમ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો માટેના અધિનિયમ ૨૦૧૬ ના નામથી તેને કાયદાનું સ્વરૂપ પ્રાપ્ત થયું.

આ અધિનિયમમાં અંધ, મગજનો લકવો, ઓછી દ્રષ્ટિ , મંદ બુદ્ધિ ,હાડકાની ખામી તથા માનસિક રોગીઓ આ સાત કેટેગરી ઉપરાંત અન્ય ૨૧ કેટેગરીઓનો પણ સમાવેશ કરવામાં આવે છે. સાથે સાથે વ્યક્તિના અન્ય અધિકાર જેવા કે સમાનતા અને સામાન અવસરોનો અધિકાર

,વારસાઈ સંપત્તિ અને સંપત્તિના માલિકીહક્કનો અધિકાર ,ઘરવસાવવાનો અને સંતાનો પેદા કરવાનો અધિકાર આપે છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો માટેનો અધિનિયમ ૨૦૧૬માં કુલ સાત પ્રકરણ અને ૧૦૨ ખંડોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ અધિનિયમ વિકલાંગ વ્યક્તિના સશક્તિકરણ માટે નીચે દર્શાવેલ સિદ્ધાંતો સ્થાપિત કરે છે.

(૧) આત્મગૌરવ માટે આદર ,વ્યક્તિગત સ્વાયત્તતા અને સ્વતંત્રતા.

(૨) ભેદભાવ કરવો નહીં.

(૩) સમાજમાં સંપૂર્ણ અને અસરકારક ભાગીદારીનો સમાવેશ.

(૪) મતભેદોનો આદર કરવો અને માનવ વિવિધતાના એક ભાગ તરીકે વિકલાંગ વ્યક્તિને સ્વીકૃતિ આપવી.

(૫) તક (અવસર)ની સમાનતા.

(૬) સુલભતા.

(૭) સ્ત્રી પુરુષ સમાનતા .

(૮) વિકલાંગતા ધરાવતા બાળકોમાં જોવા મળતી ક્ષમતા અને આદર.

આ અધિનિયમ મુજબ " વિકલાંગતા ધરાવતી વ્યક્તિ એટલે એવી વ્યક્તિ જેને લાંબા સમયથી શારીરિક, માનસિક, બૌધ્ધિક અને સંવેદનશીલ ક્ષતિ કે ખામી છે જે અવરોધોને પ્રતિક્રિયા આપવામાં અને સમાન રીતે સમાજમાં અન્યો સાથે તેમની પૂર્ણ અને અસરકારક ભાગીદારીમાં અવરોધરૂપ બને છે."

માનદંડ (બેન્ચમાર્ક ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિ એટલે એવી વ્યક્તિ જે નિર્દેશિત ૪૦% વિકલાંગતા ધરાવે છે. જેમાં નિર્દેશિત વિકલાંગતા માપી શકાય એ રીતે સ્પષ્ટ કરવામાં આવેલ નથી તેવી અને પ્રમાણપત્ર આપનાર અધિકારીએ પ્રમાણિત કર્યા મુજબ માપી શકાય તે રીતે સ્પષ્ટ કરવામાં આવેલ વિકલાંગ વ્યક્તિનો સમાવેશ થાય છે.

- **શિક્ષણનાં પ્રકરણમાં તેમના માટે જે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે તે આ મુજબ છે.**

વિકલાંગતા ધરાવતા બાળકોને સમાવેશી શિક્ષણ પૂરુ પાડવામાં આવે અને તે ઉદેશ પ્રાપ્ત કરવા નીચેના પગલાં ભરાશે.

૧. ભેદભાવ વિના તેમને પ્રવેશ આપવો અને તેઓને અન્યોની સાથે સમાન રીતે શિક્ષણ તેમજ મનોરંજન પ્રવૃત્તિ માટેની તકો પૂરી પાડવી.

૨. ઈમારતો –મકાન અને શિક્ષણ પરિસર બનાવવા અને તેમને સુગમ બને તેવી વિવિધ સુવિધાઓ આપવી.

૩.વ્યક્તિગત જરુરીયાત અનુસાર ઉચિત આવાસો પૂરુ પાડવા.

૪.પૂર્ણ સમાવેશનના ઉદેશ સાથે સાતત્યપૂર્વક શૈક્ષણિક અને સામાજિક વિકાસને મહતમ બનાવે તેવુ વાતાવરણ પૂરુ પાડવુ.

૫. અંધત્વ અથવા બહેરાશ બંને પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે સૌથી ઉચિત ભાષામાં અને સંચારનાં પ્રકારો તેમજ માધ્યમો વડે શિક્ષણ પૂરુ પાડવામાં આવે છે.

૬. વિકલાંગતા ધરાવતા બાળકને વાહનવ્યવહારની અને વધારે વિકલાંગતા ધરાવતા બાળકને સેવકની સુવિધા પૂરી પાડવી.

૭. વિકલાંગતા ધરાવતા બાળકોને ઓળખી કાઢવા માટે દર પાંચ વર્ષે સર્વેક્ષણ હાથ ધરવુ.

૮. પર્યાપ્ત સંખ્યામાં શૈક્ષણિક તાલીમ સંસ્થાઓની સ્થાપના કરવી.

૯.શાળાકીય શિક્ષણના તમામ સ્તરે સમાવેશી શિક્ષણને મદદ કરવા વ્યવસાયિકો અને કર્મચારીઓને તાલીમ આપવી.

૧૦. બોલવાની શક્તિ,વાતચિત અથવા ભાષાકીય અસમર્થતા ધરાવતી વ્યક્તિઓને તેમની દૈનિક વાતચિતની જરુરીયાતોને પૂર્ણ કરવા પોતાની ખૂદની બોલીનાં ઉપયોગને પૂરક બને તેવી બ્રેઈલલિપી અને સાંકેતિભાષા સહિતના અર્થવર્ધક અને વૈક્લ્પિક પ્રકારોનાં ઉપયોગને પ્રોત્સાહન આપવુ.

૧૧. માનદંડ (બેંચ માર્ક) વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને 18 વર્ષની વય સુધી મફત પુસ્તકો અન્ય અધ્યયન સામગ્રી અને યોગ્ય સહાયક ઉપકરણો પૂરા પાડવા.

૧૨ માનદંડ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને યોગ્ય કિસ્સામાં શિષ્યવૃત્તિ પૂરી પાડવી.

૧૩. વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓની જરુરીયાતો સંતોષવા અભ્યાસક્રમો અને પરીક્ષા વ્યવસ્થામાં યોગ્ય ફેરફારો કરવા.જેમેકે પરીક્ષા પેપર કરવા વધારાનો સમય આપવો. લહિયા અથવા શ્રુતલેખનની સુવિધા અને દ્વિતીય અને તૃતીય ભાષાનાં અભ્યાસક્રમમાંથી મુક્તિ.

**૧૯૯૫ ના act મુજબની શિક્ષણ સબંધી જોગવાઈ જે હાલ અમલી છે.**

- સામાન્ય શાળામાં વિકલાંગ બાળકોને 13 વર્ષની ઉંમર સુધી દાખલ કરવા અંગેનો પરિપત્ર.
- વિકલાંગ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ મેળવવા અંગે પડતી મુશ્કેલીઓ દૂર કરવા અંગે પરિપત્ર.
- વિકલાંગ બાળકો માટે પ્રવેશમાં 3 ટકા બેઠકો અનામત રાખવા અંગે પરિપત્ર.
- સામાન્ય પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિકલાંગ બાળકોને તેમની પરીક્ષામાં વિશેષ સવલતો આપવા અંગેનો પરિપત્ર.
- વિકલાંગતા અનુસારની તાલીમ મેળવેલ 1:5ના પ્રમાણમાં સહાયક વિશિષ્ટ શિક્ષકની સુવિધા.એટલે કે પાંચ વિકલાંગ બાળકો માટે એક શિક્ષક હોવો જોઇએ.
- દરેક વિકલાંગ વિદ્યાર્થી દીઠ કેટલીક નાણાકીય સહાય આપવામાં આવે છે

જેમકે– પુસ્તકો અને સ્ટેશનરી વિદ્યાર્થી દીઠ રૂા. 400/–

– યુનિફોર્મ વિદ્યાર્થી દીઠ રૂા. ૨૦૦/–

– સાધનસામગ્રી વિદ્યાર્થી દીઠ રૂા. ૪૦૦/– પ્રતિ વર્ષ. પાંચ વર્ષ માટે એક સાથે રૂા. ૨૦૦૦/–

– દ્રષ્ટીહીન બાળકો માટે રીડર એલાઉન્સ વિદ્યાર્થી દીઠ રૂા. ૫૦/– પ્રતિ માસ.

– મેડીકલ સર્વે તથા મેડીકલ સર્ટી માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૧૫૦/–

– હોસ્ટેલ ચાર્જ વિદ્યાર્થી દીઠ રૂા. ૩૫૦/– (માસિક) દસ માસ માટે

– ગંભીર વિકલાંગતા ધરાવતા બાળક માટે એસ્કોર્ટ એલાઉન્સ વિદ્યાર્થી દીઠ રૂા. 25/–
– એક રીસોર્સ રૂમના રૂા.30000/–
– ઈન્સ્ટ્રકશનલ મટીરીયલ માટે રૂા. 5000/– સુધી.

➢ **વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સામાજિક સુરક્ષા અને પુનઃસ્થાપન :**

– વિકલાંગતા ધરાવતા બાળકો સહિતની વ્યક્તિઓ કે જેમને પરિવાર નથી અથવા તરછોડાયેલ છે અથવા રોજીરોટીવિનાના આશ્રય વિનાના છે તેમના માટે સુવિધાઓ આપવી.
– વિકલાંગતા ધરાવતા સ્ત્રીઓ અને તેમના બાળકો માટે સહયોગ
_ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તબીબી સહાય અને નિદાન સેવાઓ ,ઉપચારાત્મક અને વિનામૂલ્યે સર્જરીની સુવિધાઓ
– આવક મર્યાદાની અંદર વિકલાંગતા સહાય પેન્શન.
– રોજગાર કચેરીમાં બે વર્ષ કરતાં વધુ સમયથી નોધાયેલ હોય અને તેમને વ્યવસાયમાં નિયુક્ત ન કરી શકાયા હોય તેવી વ્યક્તિઓને બેરોજગારી ભથ્થું પૂરું પાડવું.
– આવી વ્યક્તિઓના સશક્તિકરણ માટે જરૂરી નાણાંકીય સાધન સહાય પૂરી પાડવી
– વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની કલાને પુરસ્કૃત કરવી.
– વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે રમત ગમતની તમામ પ્રવૃત્તિઓમાં માળખાકીય સુવિધાઓ આપવી.
– ઉચ્ચ શિક્ષણની તમામ સંસ્થાઓનો અને સરકાર પાસેથી નાણાંકીય અનુદાન મેળવતી ઉચ્ચ શિક્ષણની અન્ય સંસ્થાઓને ૫% થી ઓછી નહીં તેટલી બેઠકો માનદંડક વિકલાંગતા ધરાવતા બાળકો માટે અનામત રાખવાની રહેશે.
– સરકારી નોકરીઓમાં અનામત ૩% થી વધારી ૪% કરવામાં આવી છે.
– બાલવાડીઓ ,શાળાઓ,પ્રાથમિક આરોગ્યકેન્દ્રો, ગ્રામીણસ્તરના કાર્યકરો અને આંગણવાડી કાર્યકરો મારફતે લોકોને શિક્ષિત કરી શકાશે.

➢ **ધ નેશનલ ટ્રસ્ટ ફોર ધ વેલફેર ઓફ પર્સન્સ વિથ ઓટીઝમ,સેરેબ્રલ પાલ્સી ,મેન્ટલ રીટાર્ડેશન એન્ડ મલ્ટીપલ ડીસએબીલીટીઝ એક્ટ, 1999**


આ એકટમાં સ્વલીનતા (ઓટીઝમ), મગજનો લકવો (સેરેબ્રલ પાલ્સી), મંદબુદ્ધિ (મેન્ટલ રીટાર્ડેશન) અને બહુવિધ વિકલાંગતા (મલ્ટીપલ ડીસએબીલીટીઝ)ની ખામીઓ ધરાવતી વ્યક્તિઓના કલ્યાણ અર્થે રાષ્ટ્રીય કક્ષાના ટ્રસ્ટની જોગવાઇ કરવામાં આવી છે. આ કાયદામાં અમારા પછી કોણ ? એ પ્રશ્નનો ઉત્તર આપવામાં આવ્યો છે. ખામી ધરાવતી/વિકલાંગ વ્યક્તિને પોતે જે સમાજની હોય તે સમાજમાં અને શક્ય તેટલું તેની નજીક રહી સંભવ હોય તેટલું સ્વતંત્ર અને પૂર્ણ જીવન જીવવા માટે સજ્જ અને સશક્ત કરવા માટેનો આ કાયદો છે. જેમાં વિકલાંગને તેના પરિવારમાં જ રહેવા માટે સહાય કરવાના હેતુથી સગવડો સુધારવી. જેમને કોઇ જ ટેકો નથી તેઓની સાર, સંભાળ

અને સંરક્ષણ પૂરુ પાડવાની વાત આ એકટમાં થયેલ છે. તેમજ મુખ્ય બે યોજનાઓ તેમાં છે. (1) સંસ્થાકીય સારસંભાળ આપવા માટે ' પુન:વસનની સંસ્થાઓની સ્થાપના' અને (2) ઘરમાં જ 'સારસંભાળ રાખનારની તાલીમ'. નેશનલ ટ્રસ્ટને મદદરૂપ થવા આપેલ આર્થિક સહાય–દાનને આવકવેરામાંથી 100 ટકા મુક્તિ મળે છે.

**ઇન્ટરનેટ કે પુસ્તકાલયમાંથી આ ત્રણેય એક્ટ વિશે માહિતી મેળવી તુલનાત્મક અભ્યાસ કરો .**


### 2.1.3.3 વિકલાંગોનું શિક્ષણમાં સમાવેશન


માત્ર કાયદાઓ રચવાથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. વિકલાંગ વ્યક્તિ સમાજની જવાબદાર નાગરિક બની રહે તે માટે તેમને શિક્ષિત કરવાનું મહત્વનું કાર્ય પ્રારંભાયું છે.


Exclusion


સામાન્ય રીતે સમાજમાં પહેલાં એવું વલણ હતું કે દ્રષ્ટિહીન, મૂક બધિર અને માનસિક ક્ષતિવાળા બાળકોને શિક્ષણ કેવું? આથી તે સમયે આવા બાળકો શાળાકીય શિક્ષણથી વંચિત રહેતા હતા. ધીરે ધીરે આવી માન્યતામાં બદલાવ આવ્યો. શિક્ષણ તો પાયાનો અધિકાર છે. તેમને પણ શિક્ષણનો હક છે, પણ તેમનું શિક્ષણ કઇ રીતે સંભવી શકે ? તેઓ સામાન્યથી અલગ છે, તેમની જરૂરિયાતો જુદી છે.

આવા વિચારોની સાથે એવું માનવામાં આવ્યું કે આવા બાળકોને તો વિશિષ્ટ શાળામાં જ ભણાવી શકાય. જેના પરિણામે આવા બાળકો માટે વિશિષ્ટ શાળાઓ અસ્તિત્વમાં આવી. જો આ સામાન્ય ગણાતી બાબત ઉપર ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો,વિશિષ્ટ શાળા, વિશિષ્ટ શિક્ષક, વિશિષ્ટ સગવડો, વિશિષ્ટ સમાજ, વિશિષ્ટ હોસ્ટેલ બધું જ વિશિષ્ટ પ્રકારનું પૂરું પાડી શિક્ષણ આપવાની આ વાત હતી. આથી અહીં બે પ્રકારની સમસ્યાઓ પેદા થઇ. એક તો સમાજમાં અસ્તિત્વ ધરાવનાર તમામ વિકલાંગ બાળકો જરૂરિયાત અનુસારની શાળામાં દાખલ થતા ન હતા. જેથી કેટલાંક બાળકો શાળા શિક્ષણથી વંચિત રહી જતા હતા. બીજું વિશિષ્ટ શાળામાં શિક્ષણ પૂરૂ કરીને જ્યારે આ બાળકોને પોતાના કુટુંબ, સમાજમાં વસવાટ કરવાનો થતો ત્યારે અનેક મુશ્કેલીઓ ઊભી થતી. આથી આ સમસ્યાઓની ગહન વિચારણાના અંતે આ યોજનાનું સ્વરૂપ બદલાયું.


Segregation




વિશિષ્ટ શાળામાં શિક્ષણના અંતે આવા બાળકો ચોક્કસ પ્રકારની મુશ્કેલીઓ અને અંતરાયો અનુભવતા હતા. તેને દૂર કરવા માટે સામાન્ય શાળામાં જ વિશિષ્ટ બાળકોનું શિક્ષણ એ સ્વરૂપ અમલી બન્યું. વિકલાંગ બાળકોની શિક્ષણ પ્રક્રિયામાં આવતા અંતરાયો દૂર કરી તેમને સરળતાથી શિક્ષણની તકો સાંપડે તે હેતુસર 1924માં માનવ સંસાધન વિકાસ મંત્રાલયના સામાજિક વિભાગ દ્વારા અપંગ બાળકો માટે સંકલિત શિક્ષણ યોજનાની જાહેરાત કરવામાં આવી. તેનાં અમલીકરણની જવાબદારી ૧૯૩૨થી શિક્ષણ વિભાગને સોંપી દેવામાં આવી.જેથી સંકલિત શિક્ષણ યોજના અસ્તિત્વમાં આવી. આ યોજના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં અમલી છે. RMSAના I.E.D.C. (Integrated Education for Disable Children) Cell અંતર્ગત આ યોજના કાર્યરત છે. જે હાલ સમ્મિલિત શિક્ષણ યોજનાના સ્વરૂપમાં અસ્તિત્વમાં છે .




સંકલિત/સમ્મિલિત શિક્ષણમાં વિકલાંગ બાળકોને સામાન્ય શાળામાં લાવી વિશિષ્ટ શિક્ષકો દ્વારા શિક્ષણ આપવાનું શરૂ થયું. વિશિષ્ટ શિક્ષક પૂર્ણકાલીન ન હોવાથી શાળાકીય તમામ શૈક્ષણિક અનુભવોમાંથી આ બાળકો વંચિત રહેતા. આ વંચિતતા તરફ ધ્યાન દોરાતા 'સૌના માટે શિક્ષણ' ના ધ્યેય સાથે 'સમાવેશી શિક્ષણ'ની સંકલ્પના અસ્તિત્વમાં આવી.

હાલ,વિકલાંગ બાળકનો સહજ સ્વીકાર સામાન્ય શાળામાં થવા લાગ્યો છે. આ બાળકોની વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં લઇ વ્યવસ્થાતંત્ર તેને અનુરૂપ વ્યવસ્થાઓ બદલે છે. આઝાદી બાદ શિક્ષણથી વંચિત રહેતા આ જૂથના પ્રત્યેક બાળકનું શિક્ષણમાં સમાવેશન થાય તેવા ઉત્તમ પ્રયાસો પ્રવર્તમાન સમયમાં થઇ રહ્યા છે.

**2.2 અધ્યયન મુશ્કેલીઓનો વિસ્તાર ( Area of Learning Difficulties)**

વર્ગખંડમાં એક જ પર્યાવરણમાં અને સમાન પરિસ્થિતમાં તમામ બાળકોની સમક્ષએક જ સરખી માહિતી રજૂ થાય છે, છતાં દરેક બાળકોમાં તે માહિતી ગ્રહણ કરવાનું પ્રમાણ વત્તું–ઓછું જોવા મળે છે. તો કેટલાંક બાળકો માહિતી ગ્રહણ કરવામાં સફળ બનતા નથી. આવું કેમ બને તે જાણવા મનોવૈજ્ઞાનિકોએ અનેક અભ્યાસો કર્યા છે. આ અભ્યાસો પરથી એક બાબત એવી ફલિત થાય છે કે અધ્યયનનો આધાર માહિતી સંસ્કરણ પ્રક્રિયા/જ્ઞાનાત્મક પ્રક્રિયા કેવી થઇ રહી છે તેના પર આધાર રાખે છે. જ્ઞાનાત્મક પ્રક્રિયા એક સોપાનબદ્ધ સળંગ પ્રક્રિયા છે. વ્યક્તિની શારીરિક, માનસિક, સાંવેગિક, સામાજિક, ચેતા સ્નાયવિક, સ્વાસ્થ્યની લાક્ષણિકતાઓ આ જ્ઞાનાત્મક પ્રક્રિયા પર અસર કરે છે. તો એમ કહી શકાય કે અધ્યયન મુશ્કેલી વિસ્તાર જ્ઞાનાત્મક પ્રક્રિયા સાથે જોડાયેલ છે. આ પ્રક્રિયાના કોઇ એક કે તેથી વધુ સોપાન અધ્યયન મુશ્કેલીનો વિસ્તાર બની શકે છે. આ જ્ઞાનાત્મક પ્રક્રિયાના સોપાનો વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોના સંદર્ભમાં સમજીએ.

(1)પ્રત્યક્ષીકરણ (2) માનસિક ક્રિયાઓ

(3) વર્તનો (4) નિર્ણય ઘડતર

## (1) પ્રત્યક્ષીકરણ

અધ્યયન માટે માહિતી પ્રક્રિયાનું મુખ્ય ઘટક પ્રત્યક્ષીકરણ છે. આ સોપાનમાં ત્રણ ક્રિયાઓ થાય છે :

- અધ્યેતા પોતાના સંવેદન અંગ (પંચેન્દ્રિય:આંખ, કાન, સ્પર્શ, નાક, જીભ)વડે માહિતી(ઉદ્દીપક) સ્વીકારે
- સ્વીકારેલ માહિતી(ઉદ્દીપક)ને પૂર્વ અનુભવ સાથે જોડે
- માહિતી(ઉદ્દીપક)ની ઓળખ કે અર્થઘટન કરે.

દા.ત.'બિલાડી'ને આંખથી જુએ. આ છાપ મગજ સુધી પહોંચે અને અગાઉ જોયેલ હોય તો તેનો અર્થબોધ કરે. આ બિલાડી છે. એક જ ઉદ્દીપક(માહિતી)નું પ્રત્યક્ષીકરણ પ્રત્યેક અધ્યેતામાં ભિન્ન થાય છે. પ્રત્યક્ષીકરણ તે જ માહિતીનું થાય કે જે માહિતી સંવેદન અંગો ગ્રહણ કરે. જો અધ્યેતાની પંચેન્દ્રિયો આંખ, કાન, જીભ, નાક અને સ્પર્શ ખામી કે ક્ષતિયુક્ત હોય તો માહિતી ગ્રહણ થતી નથી. જેમકે,

– જો બાળકની આંખ બરાબર કામ કરતી ના હોય તો દ્રશ્ય માહિતી કે અનુભવો પ્રાપ્ત થતા નથી. આથી (દ્રશ્ય)આંખની ખામી કે દ્રષ્ટીહીન બાળકોને દ્રાશ્યિક માહિતી પર અધ્યયન પ્રક્રિયા કરવી મુશ્કેલ બને છે.

– જો બાળકના કાન બરાબર કામ કરતા ના હોય તો શ્રાવ્ય માહિતી કે અનુભવો પ્રાપ્ત થતા નથી. આથી બધિર કે મૂક– બધિર બાળકોને શ્રાવ્ય માહિતી પર અધ્યયન પ્રક્રિયા કરવી મુશ્કેલ બને છે.

– જોબાળકની ત્વચા સંવેદનહીન હોય તો સ્પર્શજન્ય માહિતી કે અનુભવો પ્રાપ્ત થતા નથી.

આમ, સંવેદન અંગોની ખામીને કારણે બાળકોમાં અસાધારણતાપણું આવે છે અને અધ્યયન માટે વિશિષ્ટ જરૂરિયાત જન્મે છે.

## (2) માનસિક ક્રિયાઓ

પ્રત્યક્ષીકરણ પામેલ માહિતી પ્રક્રિયા માટે આગળ વધે છે. પ્રત્યક્ષીકૃત થયેલ આ માહિતી પર બીજા સોપાનમાં સ્મૃતિ, જોડાણો, તર્ક, અનુમાન, પુનરાવર્તન અને મૂલ્યાંકન જેવી માનસિક પ્રક્રિયાઓ થાય છે. આ સોપાનમાં થતી પ્રક્રિયા એ સ્મૃતિ સંચયની પણ છે. આથી જ્ઞાનતંત્ર અહીં અગત્યનું કાર્ય કરે છે. અહીં સ્મૃતિ અને ધારણ આ સોપાનમાં થયેલ ક્રિયાનું પરિણામ છે. યાદ ના રહેવું, ભૂલી જવું જેવી મુશ્કેલી આ સોપાનમાં થયેલ નબળી પ્રક્રિયાનું પરિણામ છે.

જો બાળક માનસિક(બૌદ્ધિક) ક્ષતિ ધરાવતું હોય તો આ માહિતી યાદ રાખવાની, જોડાણો કરવાની, તર્ક કરવાની, અનુમાન કરવાની, પુનરાવર્તન કરવાની કે મૂલ્યાંકન કરવાની શક્તિઓમાં પછાતપણું કે મુશ્કેલીઓ ધરાવે છે એમ કહી શકાય.

વાંચન, ઉચ્ચારણ કે ગણન તર્ક જેવી બાબતોમાં નબળું પરિણામ માનસિક પ્રક્રિયાઓના સોપાનની મર્યાદાના પરિણામ છે. જયારે અતિ પ્રતિભાશાળી બાળકોમાં આ પ્રક્રિયા અતિ ઝડપી હોય છે. આથી આવા બાળકોને સામાન્ય બાળકની સાથે ધીમે ચાલવું કે અન્ય બાળક શીખે તેની

રાહમાં થોભવું તે તેના અધ્યયન પર અવરોધ ઊભો કરે છે. જેને પરિણામે પ્રતિભાશાળી બાળકો કંટાળો કે નીરસતા જેવી મુશ્કેલી અનુભવી શકે છે.

### (3) વર્તનો

માહિતી પર થયેલ વિવિધ માનસિક પ્રક્રિયાઓને પરિણામ સ્વરૂપે બાળક તેને વર્તન સ્વરૂપે વ્યક્ત કરે છે. આ રજૂઆત મુખ્યત્વે બે સ્વરૂપે થાય છે. (૧) શબ્દો દ્વારા અને (૨) સ્નાયુઓ દ્વારા. જો બાળક કોઇ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતું હોય અને તે જરૂરિયાત પૂર્ણ ના થાય તો સમસ્યા અનુભવે છે. જેમકે,

– બાળક માનસિક પ્રક્રિયાને અંતે માહિતીને ભાષા દ્વારા રજૂ કરે છે. ત્યારે મૂક બાળક સ્વરયંત્ર, જીભ કે મુખની અંદરની ખામી, મર્યાદિત અનુભવો, સાંવેગિક ખલેલ, મગજ પર થયેલ ઈજાના પરિણામે ભાષા દ્વારા રજૂ કરવામાં વત્તા–ઓછા પ્રમાણમાં મુશ્કેલી અનુભવે છે.

– માનસિક પ્રક્રિયાને અંતે કેટલીક માહિતી સ્નાયુ દ્વારા વ્યક્ત થાય છે. અહીં સ્નાયવિક સમૂહો વચ્ચેનું સંકલન, સંકુલ સ્નાયવિક પ્રક્રિયાનું કૌશલ્ય રજૂઆત પર અસર કરનાર બને છે. જો બાળક શારીરિક ક્ષતિ કે જન્મજાત ખામી ધરાવતું હોય તો તેને કારણે સ્નાયવિક કૌશલ્ય દ્વારા રજૂઆત કરવામાં મુશ્કેલી અનુભવે છે. હલન–ચલનની મર્યાદા અનુભવે છે. જેમકે– પેન પકડવી કે લખવું. વસ્તુ પકડવી કે સાધન સામગ્રીનો ઉપયોગ કરવો, રમતા–રમતાં કે પ્રવૃત્તિ દ્વારા અધ્યયન ક્રિયા કરવામાં મુશ્કેલી અનુભવવી.

### (4) નિર્ણય ઘડતર

નિર્ણય ઘડતરની પ્રક્રિયામાં મુખ્ય ચાર ઘટકો સામેલ છે.

- નક્કી કરેલ ધ્યેય પર ધ્યાન કેન્દ્રીકરણ કરી બીજા ઉદ્દીપકોને બાજુમાં ધકેલી દેવા.
- નક્કી કરેલ ધ્યેય પાર પાડવા કે આવતી સમસ્યાઓના ઉકેલ માટે વિકલ્પો વિચારવા.
- વિચારેલ વિકલ્પોની મૂલવણી કરી યોગ્ય વિકલ્પ પસંદ કરવો.
- પસંદ કરેલ વિકલ્પ અનુસાર વર્તન કરવું અને કરેલ વર્તનનું અવલોકન કરવું.

આ સોપાનમાં પ્રત્યક્ષીકરણ, પૂર્વ અનુભવોનો ઉપયોગ, નવા વિચારોનું સર્જન અને વર્તન અભિવ્યક્ત થવાની માનસિક પ્રક્રિયાઓ થાય છે. અંતે નિર્ણયનું ઘડતર થાય છે કે શું કરવું અને શું ન કરવું. અધ્યયન અક્ષમતા ધરાવતા બાળકો નિર્ણય ઘડતરની પ્રક્રિયામાં મુશ્કેલી અનુભવે છે.

આમ, જ્ઞાનાત્મક પ્રક્રિયા પરથી અધ્યયન અક્ષમતા વિસ્તાર વિશે આ મુજબ કહી શકાય.

- અધ્યયન મુશ્કેલી વિસ્તાર એ બાળકના અધ્યયનમાં થતી જ્ઞાનાત્મક પ્રક્રિયામાં અનુભવાતી મુશ્કેલી છે.
- આવી મુશ્કેલી ધરાવતા બાળકને સામાન્યત: વાંચવામાં, લખવામાં, ગણવામાં કે સંકુલ ક્રિયાઓ કરવામાં, વિચારવામાં અને અભિવ્યક્ત કરવામાં તકલીફ અનુભવાતી હોય છે. તેમની સમસ્યા મુખ્યત્વે બે ક્ષેત્રમાં હોય છે. એક મગજમાં માહિતી પર થતી પ્રક્રિયા અને બીજું વિસંગતતા. આપણે આ બાબતને હવે પછીના મુદ્દામાં વિસ્તારપૂર્વક સમજીશું.

## 2.3 અક્ષમતાની ઓળખ અને મૂલ્યાંકન

તારે જમી પર ફિલ્મમાં આપે ઇશાનનું પાત્ર જોયું. ઇશાન એ અધ્યયન અક્ષમ/શીખવાની અક્ષમતા ધરાવતા બાળકLearning Disability નું ઉદાહરણ છે. વર્ગખંડમાં ઇશાન જેવા બાળકો હોઇ શકે. અધ્યયન અક્ષમ બાળકો બુદ્ધિની બાબતમાં સાધારણ હોય છે પરંતુ તેઓને અર્થસૂચક શૈક્ષણિક સમસ્યાઓ હોય છે. તેઓ વાંચન, લેખન અને ગણન અન્વયે અધ્યયન કરવામાં મુશ્કેલી અનુભવે છે. આ મુશ્કેલીઓ તેમની શૈક્ષણિક પ્રગતિને અવરોધે છે. આપણે અહીં નીચે દર્શાવેલ ચાર અધ્યયન અક્ષમતાની ઓળખ અને મૂલ્યાંકન કઇ રીતે કરવું તે સમજીએ.

- વાચનમાં વિસંગતતા (ડિસ્લેક્સિયા)
- ગણનમાં વિસંગતતા (ડિસ્કેલ્કયુલિયા)
- લેખનમાં વિસંગતતા (ડિસ્ગ્રાફીયા)
- સ્વલીનતા (ઓટીઝમ)

### 2.3.1 વાચનમાં અક્ષમતા (Dyslexia)

**અર્થ અને સમજ :** 'Dyslexia' શબ્દ'Dys'અને 'lexia' પરથી બનેલ છે.'Dys'શબ્દ'Disorder' એટલે કે 'વિસંગતતા' પરથી આવેલ છે. અને 'lexia'નો અર્થ 'શબ્દ' થાય છે. આથી શબ્દ સંબંધિત કોઇપણ વિસંગતતા 'Dyslexia' તરીકે ઓળખાય છે. જેને કોઇવાર 'શબ્દ–અંધતા'કે 'વાચન અપંગતા'તરીકે પણ ઓળખાય છે. આ સમસ્યાઓથી પીડાતા બાળકો નબળું વાંચન કૌશલ્ય ધરાવતાં હોય છે. બાળકોની આ વાંચન સમસ્યા સંભવત: 'Dyslexia' તરીકે ઓળખાય છે.વાચન વિસંગતતા બે પ્રકારની હોય છે. શ્રવણ શબ્દ વિસંગતતા અને દષ્ટિ વિષયક શબ્દ વિસંગતતા. શ્રવણ શબ્દ વિસંગતતા ધરાવનાર બાળક અક્ષર કે શબ્દની લેખિત લિપિને તેના ધ્વનિ સંકેતો સાથે જોડાણ કરવામાં વિસંગતતા અનુભવે છે. જેને લીધે અક્ષરોને જોડીને સમગ્રતયા શબ્દને વાંચવામાં સમસ્યા અનુભવે છે. દા.ત. 'ગ'નો'ઘ' ઉચ્ચાર કરે છે. 'ચ'નો'છ' ઉચ્ચાર કરે છે. કાં તો બંને અક્ષરોનો સમાન ઉચ્ચાર કરે.

દ્રષ્ટિ વિષયક શબ્દ વિસંગતતા ધરાવનાર બાળક અક્ષરો વચ્ચે તફાવત પારખવામાં સમસ્યા અનુભવાય છે. તેઓ પોતે જોયેલ આકારો, આંકડાઓ, અક્ષરો કે શબ્દો યાદ રાખવામાં મુશ્કેલી પડે છે. તેઓ જે જુએ છે તે સમજી શકતા નથી. આવું બાળક કદાચ કોઇ ચોક્કસ અક્ષરને જોઇ શકે છે. દા.ત. વાંચનમાં એકના બદલે તેના જેવો ભળતો અક્ષરનું વાંચન કરે છે. જેમકે –'અજગર' આ શબ્દનું વાંચન તેઓ 'ખમગર' કે 'બજગર' એમ કરે છે. તેવી જ રીતે અંકોમાં '1' ને '9' વાંચે અથવા તો '9' ને '1' વાંચે છે.

- **સમસ્યા વિસ્તાર : અક્ષર અને અંક વિષયક**
- **અક્ષમતાની ઓળખ :**

  નીચે જેવી લાક્ષણિકતાઓ એકથી વધુ પ્રમાણમાં જોવા મળે તો ન્યુરોલોજીસ્ટ, મનોવૈજ્ઞાનિક કે કાઉન્સેલરની મદદ લઇને બાળકને ડિસ્લેક્સિયા છે કે નહી તે ઓળખી શકાય છે.

– વાંચન સંબંધિત સમસ્યા ધરાવતા બાળકનું મહત્વનું લક્ષણ એ છે કે જેટલું સારી રીતે વાંચવું જોઇએ એટલું સારી રીતે વાંચતું નથી.
– તે તેમના સહપાઠી જેવો સામાન્ય બુદ્ધિઆંક કે તેથી વિશેષ બુદ્ધિઆંક ધરાવતા હોવા છતાં તેઓની વયકક્ષાના વિદ્યાર્થીઓ કરતા નબળું વાંચન કરતા જોવા મળે છે.
– આવું બાળક વાચનમાં ખચકાટ અનુભવે છે. અચકાઇ અચકાઇને વાંચે છે.
– તે બાળક વાંચતી વખતે એકનો એક અક્ષર કે શબ્દ વારંવાર દોહરાવે છે.
– શબ્દને ખોટી રીતે વાંચે છે.
– વાંચવામાં ખૂબ ધીમા હોય છે.
– વાચન દરમિયાન તેમના હોઠ અને આંખનું હલન–ચલન અસાધારણ હોય છે.અક્ષર કે શબ્દો છોડીને વાંચે છે તો ક્યારેક લખેલ ના હોય તે અક્ષર કે શબ્દ ઉમેરીને વાંચે છે.
– વાંચીને અર્થઘટન કરવામાં વધુ સમય લે છે.
– ઊંધુ વાંચે છે. એટલે કે જમણેથી ડાબી તરફ.
– દિશા ઓળખ, જમણા–ડાબાની ઓળખ કરવામાં મુશ્કેલી અનુભવે છે.

• **મૂલ્યાંકન:**

આવું બાળક વાચનની વિસંગતતા ધરાવતું હોય વાચન સંબંધિત મૂલ્યાંકન કરવું. આ માટે સીધી રીતે નિરીક્ષણ કરીને, વાચનમાં જે ભૂલ થતી હોય તે બાબતોને સમાવીને વિષયવસ્તુ કસોટી તેમજ ક્રિયાત્મક કસોટી દ્વારા મૂલ્યાંકન કરી શકાય.

– જે અક્ષર કે અંકોમાં ભૂલો કરતા હોય તેવા અક્ષરો અને અંકોને લેખન સામગ્રીમાંથી શોધવાનું કહી શકાય.
– અક્ષર પત્તામાંથી સમાન અક્ષરોનું વર્ગીકરણ કે જોડીઓ કરવાનું કહી શકાય.
– મૂળાક્ષરોનો ઉપયોગ કરી શબ્દ રચના કરવાનું કહી શકાય.
– શિક્ષક દ્વારા બોલાયેલ શબ્દનું શબ્દ કાર્ડ શોધવાનું કહી શકાય.
– બોર્ડમાં લખાયેલ શબ્દોના શબ્દકાર્ડઝ શોધવાનું કહી શકાય.
– મોટા અક્ષરે લખાયેલ શબ્દ કાર્ડઝનું વાચન કરાવી શકાય.
– ચિત્ર વાર્તાનું વાચન કરાવી શકાય.

### 2.3.2 ગણનમાં અક્ષમતા (Dyscalculia)

• **અર્થ અને સમજ :**ડિસ્કેલ્ક્યુલિયા સમસ્યાઓથી પીડાતા બાળકોનું ગણિત નબળું હોય છે . 'Dys' શબ્દ 'disorder' એટલે કે વિસંગતતા પરથી આવેલ છે અને . 'calculia'નો અર્થ 'ગણન કરવું' થાય છે.અર્થાત્ ગણન વિષયક વિસંગતતા .

સંખ્યા લખવામાં આંકડાઓના ક્રમ બદલાઇ જાય છે .ત.દા .'31'ને '13' લખવોએક અંકને . બદલે તેને ભળતો બીજો અંક લખાઇ જાય છે જેમકે .319 ને બદલે 391 લખે છે અથવા તો અંકને . ઊંધા લખે છે જેમકે .391– જેમકે .ગાણિતિક સંકેતો કે સંજ્ઞાઓમાં ગૂંચવણ અનુભવે છે .'+' અને 'x' , '<' અને '>' ઉપરાંત ગણતરી કરવામાં અત્યંત નબળું હોય છે .

- **સમસ્યા વિસ્તાર : આંકડાઓ અને ગણન પ્રક્રિયા**
- **અક્ષમતાની ઓળખ :**

નીચે જેવી લાક્ષણિકતાઓ એકથી વધુ પ્રમાણમાં જોવા મળે તો ન્યુરોલોજીસ્ટ, મનોવૈજ્ઞાનિક કે કાઉન્સેલરની મદદ લઇને બાળકને ડિસ્કેલ્ક્યુલિયા છે કે નહીં તે ઓળખી શકાય છે.

- ક્રમિકતામાં ભૂલો કરે છે .
- આંકડાઓ ઊલટ .સૂલટ કરી નાખે છે–
- નાની.મોટી ગાણિતિક સંકલ્પના સ્પષ્ટ થતી નથી–
- ગાણિતિક સંજ્ઞાઓ ઓળખી શકતા નથી.
- ઝડપ, અંતર તથા સમયનો ખ્યાલ હોતો નથી.
- ગાણિતિક તર્ક કરવામાં નબળા પડે છે .
- ગાણિતિક પ્રક્રિયામાં ભૂલો કરે છે .
- ભણવાની બાબતમાં એકાગ્ર થઇ શકતા નથી.
- માહિતી મેળવવામાં મુશ્કેલી અનુભવે છે .
- સંગઠનાત્મક શક્તિ નબળી હોય છે .
- ગાણિતિક વ્યાવહારિક પ્રશ્નો ઉકેલવામાં અસમર્થતા અનુભવે છે .

- **મૂલ્યાંકન :**

આવું બાળક ગણનની વિસંગતતા ધરાવતું હોય ગાણિતિક ક્રિયાઓ સંબંધિત મૂલ્યાંકન કરવું. આ માટે સીધી રીતે નિરીક્ષણ કરીને,ગણનમાં જે ભૂલ થતી હોય તે બાબતોને સમાવીને વિષયવસ્તુ કસોટી તેમજ ક્રિયાત્મક કસોટી દ્વારા મૂલ્યાંકન કરી શકાય.

- નાની અને મોટી રકમ ઓળખાવવાનું આપી શકાય.
- સંખ્યા ક્રમમાં ગોઠવવાનું આપી શકાય.
- ઉમેરવા, બાદ કરવા વગેરે ક્રિયા માટે કઇ સંજ્ઞા વપરાય તે પૂછવું.
- સંખ્યા લેખન અને સ્થાનકિંમતને લગતા સવાલો પૂછી શકાય.
- વ્યાવહારિક કોયડા પૂછી શકાય.
- જે અંકોમાં ભૂલ થતી હોય તે અંકોને સમાવતી સંખ્યાના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારના દાખલા ગણવા આપી શકાય.

### 2.3.3 લેખનમાં અક્ષમતા (Dysgraphia)

- **અર્થ અને સમજ :** ડિસ્ગ્રાફીયા બાળકો વિશેષ કરીને લેખન સંબંધી મુશ્કેલીઓ ધરાવતા હોય છે. મૌખિક રજૂઆત ખૂબ સારી હોવા છતાં આ બાળકો લેખિત રજૂઆત કરવામાં મુશ્કેલી અનુભવે છે. તેઓ અક્ષરો અને અંકો આડા–અવળા કે ઊંધા–ચત્તા લખે છે. જેમકે ‘BAT’ ને બદલે ‘ABT’ કે‘Man’ ને બદલે ‘Wan’ લખે છે તો કયારેક શબ્દ કે વાક્યમાં અક્ષરો લખવાનું ભૂલી જાય છે.

- **સમસ્યા વિસ્તાર : લેખન**
- **અક્ષમતાની ઓળખ :**
  - પેન પકડવાની કે વસ્તુ પકડવાની રીત નબળી કે અયોગ્ય હોય છે.
  - હસ્તાક્ષરો ખરાબ હોય છે.
  - શબ્દો અને નંબરોની ક્રમિકતા લખાણમાં જાળવી શકતા નથી.
  - અક્ષરો Out of Order લખે છે.
  - અતિ મંદ ગતિએ લખે છે.
  - જોઇ જોઇને લખવામાં ખૂબ વાર લાગે છે.
  - શબ્દસમૂહને બદલે એક એક શબ્દ જોઇ જોઇને લખે છે.
  - લેખનમાં જોડણી, વિરામચિહ્નો લખવામાં મુશ્કેલી અનુભવે છે.
  - અધૂરા અક્ષરો કે શબ્દો લખે છે.
  - શબ્દો કે વાક્યો ટૂંકાવીને લખે કે અક્ષરો જ લખવાના રહી જાય છે.
  - સંકુલક્રિયાઓ કરવામાં મુશ્કેલી અનુભવે છે.
  - અભ્યાસમાં અરૂચિ દાખવે છે.
  - વિચારોનું સંકલન નબળું હોય છે.

- **મૂલ્યાંકન :**

આવું બાળક લેખન અંતર્ગત વિસંગતતા ધરાવતું હોય વિષયવસ્તુ લેખન કસોટી દ્વારા મૂલ્યાંકન કરી શકાય .

- અક્ષર, શબ્દ અને વાક્ય અનુલેખન અને શ્રુતલેખન કરાવી શકાય.
- અંક, સંખ્યા અનુલેખન અને શ્રુતલેખન કરાવી શકાય.
- ટૂંક જવાબી સવાલ.જવાબ લેખન આપી શકાય–
- ચિત્ર વર્ણન લેખન કરાવી શકાય.
- ગાણિતિક ક્રિયાઓના દાખલાઓ ગણવા આપી શકાય.

**2.3.4 સ્વલીનતા (Autism)**

- **અર્થ અને સમજ :** નેશનલ ટ્રસ્ટ એક્ટ (1999) અનુસાર ઓટીઝમ એટલે અવ્યવસ્થિત કૌશલ્ય વિકાસની એકઅવસ્થા છે. જે પ્રત્યાયન અને સામાજિક વર્તનને અસર કરે છે. જેમાં વ્યક્તિ પુનરાવર્તિત અને એકધારું વર્તન કરે છે.
- **સમસ્યા વિસ્તાર : લેખન**
- **અક્ષમતાની ઓળખ :**

– આંખનો સંપર્ક કરીને વાત કરી શકતા નથી.

– મિત્રો બનાવવામાં રસ ધરાવતા નથી.

– પોતાની જ દુનિયામાં મસ્ત રહે છે અન્ય સાથે ભળી શકતા નથી.

- જૂથ કાર્યમાં સહયોગ આપી શકતા નથી.
- અવાજ અને સ્પર્શ પ્રત્યે સંવેદનશીલ હોય છે અને તેથી અસાધારણ પ્રતિક્રિયા કરે છે.
- ભાષાનો અર્થપૂર્ણ ઉપયોગ કરી શકતા નથી. ન સમજાય તેવું બોલે છે અને વાતચીત કરી શકતા નથી.
- અન્યની લાગણીઓ સમજી શકતા નથી અને પોતાની લાગણીઓ દર્શાવતા નથી.
- અયોગ્ય રમતો અને રમકડાઓ સાથે વધુ પડતો લગાવ.
- એકની એક વાત કે વર્તન દોહરાવ્યા કરે છે.
- હાથ– પગનું અયોગ્ય હલન–ચલન કર્યા કરે છે. તેમજ ના સમજાય તેવા ઇશારા કરે છે.
- અકારણ ખિન્ન થઇ જાય છે.

- **મૂલ્યાંકન :**

આવું બાળક એકલવાયું અને પોતાનામાં મસ્ત રહેતું હોય છે. આથી મૂલ્યાંકનમાં સામાજિકતા વિકાસ દર્શાવે તેવા માપદંડનો ઉપયોગ કરીને મૂલ્યાંકન કરી શકાય.ભાષા અભિવ્યક્તિ વિકાસ જાણવા માટે કથન કૌશલ્યને લઇને મૂલ્યાંકન કસોટી રચીને મૂલ્યાંકન કરી શકાય.

## 2.4 અધ્યયન મુશ્કેલીઓ ધરાવતા બાળકોના શિક્ષણ માટેના અભિગમો અને કૌશલ્યો

અધ્યયન મુશ્કેલી ધરાવતા બાળકોના અસરકારક શિક્ષણ માટે તેમની અધ્યયન મુશ્કેલીઓનું નિદાન, તેઓ સાથે કાર્ય કરવાના અભિગમનો તથા કૌશલ્યોનો ઉપયોગ કરતા શિક્ષકને ખાસ આવડવું જોઇએ. આ માટે શિક્ષક પાસે કેટલાંક કૌશલ્ય હોવા જરૂરી છે.

(1) સારી રીતે શીખવવાનું કૌશલ્ય

(2) વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદનશીલ વર્તન વ્યવહારનું કૌશલ્ય

(3) અધ્યયન શૈલીની ઓળખનું કૌશલ્ય

(4) શિક્ષણના સિદ્ધાંતોનો ઉપયોગ કરવાનું કૌશલ્ય

(5) અધ્યયન મુશ્કેલી ધરાવતા બાળકોની જરૂરિયાત જાણવાનું કૌશલ્ય.

આવી અક્ષમતા ધરાવનાર તમામ બાળકો માટે કોઇ એક જ સાચી પદ્ધતિ હોઇ શકે નહી. તેઓની શીખવાની રીત અનુરૂપ ભૂલ પ્રમાણ ઘટાડે તેવી પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ પ્રયોજવી જોઇએ.નિષ્ણાતોની મદદ લઇ ઉપચાર કાર્યક્રમ તૈયાર કરી તે મુજબ પ્રવૃત્તિઓ કરાવવી.

- નિષ્ણાંતોની મદદથી નિદાન ઉપચાર કાર્યક્રમ તૈયાર કરી અમલમાં મૂકવો.
- નાના પગલાંનાં સિદ્ધાંતને ધ્યાને લઇને અધ્યાપન કાર્ય કરાવવું.
- વાંચન, લેખન કે ગણનના તેમના દોષ કે ભૂલો પરત્વે તેમને સજાગ બનાવવા અને ભૂલ સુધાર માટેની જરૂરીયાત તેના મનમાં ઊભી કરવી.
- અધ્યયન તત્પરતા અને રસ ઊભા કરાવવા.
- આત્મવિશ્વાસ ઊભો કરાવવો.
- તેઓની રસ–રૂચિના ક્ષેત્રને શોધી તેના વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ પૂરૂ પાડવું.

· અસરકારક શૈક્ષણિક પ્રવૃત્તિઓ અજમાવવી.

· જરૂર પડે તબીબ સલાહ અનુસાર દવા લેવરાવવી.

· તેમની શૈક્ષણિક અને વર્તનલક્ષી અસમર્થતા સર્જતા અવકાશને પૂરવાનો પ્રયાસ કરવો.

· બાળકોના ધ્યાનનો વ્યાપ વધારવા કાર્ય વિભાજીત કરવું, કાર્યને વધુ રસપ્રદ બનાવવું, કાર્ય નાવીન્યતા લાવવી.

· તેઓને રસ પડે તેવી સામગ્રીઓ દ્બારા શિક્ષણ આપવું.

આવાં બાળકો ઝડપથી હાર માની લેતા હોય છે. આથી આવાં બાળકોને સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપતા રહેવું જોઇએ. તેમની અંદર રહેલ કોઇ કલા કે શક્તિને શોધી તેને વિકસાવવાનું વાતાવરણ પૂરૂ પાડવું જોઇએ. પ્રેમ, હૂંફ આપી તેઓનો આત્મવિશ્વાસ વધે તે માટેના પ્રયાસો કરવા જોઇએ. તેમજ શિક્ષણમાં સમાવેશન થાય તેવું મહત્તમ વાતાવરણ પૂરું પાડવું જોઇએ.

## 2.5 સારાંશ

આપણા વર્ગખંડમાં આવતા બાળકો શારીરિક, માનસિક, સાંવેગિક કે સામાજિક લાક્ષણિકતાઓમાં જુદા–જુદા હોય છે. જે પૈકી કેટલાક બાળકોને અધ્યયન માટે વિશિષ્ટ જરૂરિયાતની જરૂર પડતી હોય છે. એક શિક્ષક તરીકે બાળકની અક્ષમતા, મુશ્કેલીઓની અને જરૂરિયાતોની ઓળખ થવી જરૂરી છે. આ ઓળખ બાદ તે બાળકના અધ્યયનમાં સહાયરૂપ બને તેવી માવજત આપવાથી શૈક્ષણિક પ્રગતિ કરવા બળ પૂરું પાડી શકાય છે. આત્મવિશ્વાસ વધારીને સફળતાના માર્ગ પર લઇ જઇ શકાય છે. જો અધ્યાપન કાર્ય દરમિયાન આ બાબતોને ધ્યાનમાં લઇ કાર્ય કરવામાં આવે તો સમાજને એડીસન, પાબ્લો પિકાસો,ગ્રેહામ બેલ.... જેવા પ્રતિભાવંત વ્યક્તિ સમાજને મળી શકે. તેમજ તેમની સર્જનાત્મક શક્તિનો લાભ સમગ્ર સમાજ અને રાષ્ટ્રને મળી રહે છે.

## 2.6 સ્વાધ્યાય

**ટૂંકમાં જવાબ આપો .**

1. વિકલાંગતા એટલે શું?
2. વિકલાંગતાના સંદર્ભે ભારતમાં મુખ્ય ક્યા કાયદાઓ છે? તેમના નામ આપો.
3. વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો કોને કહેવાય?
4. જ્ઞાનાત્મક પ્રક્રિયાના સોપાનના નામ આપો.
5. વાચનમાં વિસંગતતા એટલે શું?
6. લેખનમાં વિસંગતતા એટલે શું?
7. ગણનમાં વિસંગતતા એટલે શું?
8. અધ્યયન અક્ષમતા એટલે શું?
9. ઓટીઝમ એટલે શું?

**મુદ્દાસર જવાબ આપો**

1. ‘વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો’નો અર્થ અને સંકલ્પના સમજાવો.
2. RPWD ACTના શિક્ષણના પ્રકરણમાં કઈ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે?
3. Dyslexia બાળકની ઓળખ તમે કઈ રીતે કરશો?
4. Dyscalculia બાળકની ઓળખ તમેકઈ રીતે કરશો?
5. Dysgraphia બાળકની ઓળખ તમેકઈ રીતે કરશો?
6. તમે કોઈ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકના સંપર્કમાં આવેલા હોય તેની અક્ષમતાની ઓળખનું વર્ણન કરો.
7. અધ્યયન અક્ષમ બાળક સાથે એક શિક્ષક તરીકે આપ કેવું વર્તન કરશો ?
8. અધ્યયન મુશ્કેલીઓ ધરાવતા બાળકોના શિક્ષણ માટેના કેવા અભિગમો અને કૌશલ્યોનો ઉપયોગ કરશો?

## 2.7 પ્રોજેકટ વર્ક

1. વિશિષ્ટ બાળકો અને તેના વર્ગીકરણનો ચાર્ટ તૈયાર કરો. (આ પ્રકરણમાં આપેલ ના હોય તેવા અસાધારણ બાળકોના પ્રકારને પણ વણી લો)
2. શીખવામાં મુશ્કેલી અનુભવતા (ડિક્સ્લેસિક) બાળકોના શિક્ષણ પર પ્રોજેકટ તૈયાર કરો.

## 2.8 સંદર્ભ સૂચિ


1. અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ,ડૉ.નનુભાઈ એસ.દોંગા
2. અસાધારણ બાળકોનું માર્ગદર્શન, ડૉ.નનુભાઈ એસ.દોંગા
3. બાળકોની શૈ. પ્રગતિને અવરોધતી મુશ્કેલી : ડિસ્લેક્સીઆ, ડૉ.જગદીશ કામાણી
4. માનસિક બીમારી માટેની માર્ગદર્શિકા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય
5. બાળકોનીવાંચન સંબંધિત સમસ્યા દૂર કરવા શું કરશો?, ડૉ. અનુપ્રિયા ચઢ્ઢા
6. શૈક્ષણિક અસમર્થતાની સંકલ્પના, ઓળખ અને મૂલ્યાંકન, ડૉ. અનુપ્રિયા ચઢ્ઢા
7. ભારતીય પરિપ્રેક્ષ્યમાં વિકલાંગતા, રાજકુમારી ગુપ્તા
8. A Handbook on Learning Disabilities,Designed by Integra Staff to Complement our ‘Walk a Mile in My Shoes” Workshop
9. Characteristics of Children with Learning Disabilities : National Association of Special Education Teachers
10. Department of Health. Valuing People: A New Strategy for Learning Disability for the 21st Century. 2001.
11. World Health Organization. ICD-10 Guide for Mental Retardation. Geneva: Worl Health Organization; 1991

# એકમ 3
# જાતિ, શાળા અને સમાજ

**હેતુઓ**

1. પ્રશિક્ષણાર્થીઓ પુરુષત્વ અને સ્ત્રીત્વ અંગેના સામાજિક બંધારણ વિશેની સમજ કેળવે.
2. પ્રશિક્ષણાર્થીઓ કુટુંબનું અન્ય સામાજિક બંધારણ સાથેનું પ્રત્યાયન અને ઓળખ વિશે સમજે.
3. પ્રશિક્ષણાર્થીઓ અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, વર્ગખંડ પ્રક્રિયા અને શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસર વિશે સમજે.
4. પ્રશિક્ષણાર્થીઓ શાળામાં જાતીય સમાનતા સંદર્ભે કરવાની થતી કામગીરી વિશે જાણે.


**3.0 પ્રસ્તાવના**

3.1 પુરુષત્વ અને સ્ત્રીત્વ અંગેનું સામાજિક બંધારણ

3.2 કુટુંબનું અન્ય સામાજિક બંધારણ સાથેનું પ્રત્યાયન અને ઓળખ

3.3 શાળામાં જાતિઅભ્યાસક્રમ :, પાઠ્યપુસ્તક, વર્ગખંડ પ્રક્રિયા અને શિક્ષકવિદ્યાર્થી વચ્ચેની – આંતરક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસર

3.3.1 અભ્યાસક્રમ સંદર્ભે જાતીયતાની અસર

3.3.2 પાઠ્યપુસ્તક સંદર્ભે જાતીયતાની અસર

3.3.3 વર્ગખંડ પ્રક્રિયા સંદર્ભે જાતીયતાની અસર

3.3.4 શિક્ષક વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસર–

3.4 શાળામાં જાતીય સમાનતા સંદર્ભે કામગીરી

3.5 સારાંશ

3.6 સ્વાધ્યાય

3.7 પ્રોજેક્ટ કાર્ય

3.8 સંદર્ભ સૂચિ

## 3.0 પ્રસ્તાવના

શિક્ષણની મુખ્ય ચાર આધારશિલાઓ છે : તાત્વિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક અને જૈવિક. ચારે આધારશીલાઓ પરસ્પરાવલંબી છે. આથી જ કેળવણી દ્વારા વૈયકિતક અને સામાજિક સમન્વય પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. આપણને કેળવણી બે માધ્યમ દ્વારા પ્રાપ્ત થાય છે : ઔપચારિક અને અનૌપચારિક. શાળા એ ઔપચારિક શિક્ષણ આપતી મુખ્ય સંસ્થા છે, જયારે કુટુંબ, સમાજ, ધર્મ, સંસ્કૃતિ અને સમૂહ માધ્યમો દ્વારા આપણને અનૌપચારિક શિક્ષણ પ્રાપ્ત થાય છે.

સમાજ એ સમાન ઉદ્દેશોની પૂર્તિ માટે બે કે તેથી વધુ વ્યકિતઓનો સમૂહ છે કે જે પરસ્પર દરજ્જો અને ભૂમિકા સાથે સંલગ્ન હોય છે. સમાજની લઘુ આવૃત્તિ એટલે શાળા. બીજા શબ્દોમાં કહીએ તો વિદ્યાર્થીઓમાં સામાજિકતાના ગુણ લક્ષણો ખીલવતી સંસ્થા એટલે શાળા. શાળામાં આવતાં વિદ્યાર્થીઓ સમાજના જુદાં જુદાં સ્તરમાંથી આવે છે. તે પોતાની આગવી વિશેષતા સાથે જાતિગત ભિન્નતા પણ ધરાવે છે. જાતિ માટે અંગ્રેજીમાં બે શબ્દ જોવા મળે છે. Sex અને Gender. Sex એ જૈવિક લિંગભેદ દર્શાવે છે. સ્ત્રી અને પુરુષની જન્મજાત શારીરિક રચનાને Sex કહે છે. જ્યારે Gender એ જૈવિક નહીં પણ સામાજિક, સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક આધાર પર નક્કી થતી બાબત છે. Gender એટલે વ્યક્તિમાં રહેલ પુરુષત્વ અને સ્ત્રીત્વના ગુણ લક્ષણો. આ પ્રકરણમાં આપણે જાતિ, શાળા અને સમાજના પારસ્પરિક સંબંધોને સમજવાનો પ્રયાસ કરીશું.

## 3.1 પુરુષત્વ અને સ્ત્રીત્વ અંગેનું સામાજિક બંધારણ

પુરુષત્વ એ વ્યક્તિના જૈવિક અને સામાજિક બંધારણને આધારે જોવા મળતા એવા ગુણ લક્ષણો કે વર્તન તરાહનો સમૂહ કે જે સામાન્ય રીતે પુરુષ જાતિમાં જોવા મળે છે. જ્યારે સ્ત્રીત્વ વ્યકિતના જૈવિક અને સામાજિક બંધારણને આધારે જોવા મળતા એવા ગુણ લક્ષણો કે વર્તન તરાહનો સમૂહ છે કે જે સામાન્ય રીતે સ્ત્રી જાતિમાં જોવા મળે છે. 'શૂરવીર પુરુષ' અને 'કોમલ સ્ત્રી'. આ બંને ઉદાહરણો થકી પુરુષત્વ અને સ્ત્રીત્વની સંકલ્પના સ્પષ્ટ થાય છે. આ લક્ષણો સામાજિક, સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક સંદર્ભમાં નક્કી થતા હોય છે. છતાં આથી વિરોધાભાસી ચિત્ર પણ જોવા મળી શકે. સમાજમાં આપણને 'શૂરવીર સ્ત્રી' અને 'કોમળ પુરુષ'ના ઉદાહરણો પણ જોવા મળે છે.

સમાજમાં પુરુષત્વ અને સ્ત્રીત્વ માટે કેટલાંક ગુણ લક્ષણો અપેક્ષિત માનવામાં આવ્યાં છે. જેમ કે ખડતલપણું, શૂરવીરતા, બહાદૂરી, પરિશ્રમ વગેરે જેવાં ગુણ લક્ષણો સામાન્ય રીતે પુરુષ જાતિ પાસે અપેક્ષિત છે. જયારે, કોમળતા, લાગણી, દયા, સહનશીલતા, પ્રેમાળપણું જેવાં ગુણ લક્ષણો સ્ત્રી જાતિ પાસે અપેક્ષિત છે. અલબત્ત સમાજની ઉપરોકત માન્યતા તદન સાચી નથી. દરેક વ્યક્તિમાં પુરુષત્વ અને સ્ત્રીત્વના ગુણ લક્ષણો હોય છે. જે પરિસ્થિતિ અનુસાર તેના વ્યક્તિત્વમાં દેખાય છે. નીચેની પ્રવૃત્તિના આધારે આપણે આવાં ગુણ લક્ષણોને તારવવાનો પ્રયત્ન કરીએ.

**પ્રવૃત્તિ....** સમાજમાં ઉદાહરણીય બનેલા વ્યકિત વિશેષની યાદી તૈયાર કરી પુરુષત્વ અને સ્ત્રીત્વના સંદર્ભે તેના ગુણ લક્ષણો નોંધો .

## 3.2 કુટુંબનું અન્ય સામાજિક માળખા સાથેનું પ્રત્યાયન અને ઓળખ

કુટુંબ એ સમાજ વ્યવસ્થાનો પાયાનો એકમ છે. તેને સમાજની લઘુ આવૃત્તિ પણ કહે છે. કુટુંબના સભ્યો વિવિધ સામાજિક સંસ્થાઓનું સભ્યપદ ધરાવે છે. આ આ પદની રુએ તે સામાજિક માળખાની વિવિધ સંસ્થાઓ સાથે પ્રત્યાયન કરે છે. કુટુંબના આ આદાન પ્રદાન દ્વારા જ કુટુંબ અને સામાજિક સંસ્થાઓ પોતાની આગવી ઓળખ ઊભી કરે છે. તંદુરસ્ત સામાજિક માળખાની રચના માટે કુટુંબના દરેક ઘટકોનું સમાજના અન્ય ઘટકો સાથેનું પ્રત્યાયન કે આદાન પ્રદાન આવશ્યક બને છે. આ બાબતને એક ઉદાહરણ દ્વારા સમજીએ.

ઉદાહરણ તરીકે.... કોમલનું કુટુંબ તેનાં સ્થાનિક સમાજનું સભ્યપદ તો ભોગવે જ છે. સાથે સાથે જ્ઞાતિ, જાતિ, ધર્મ, અને વ્યવસાય જૂથનું પણ સભ્ય પદ ભોગવે છે. તેના માતા પિતા આર્થિક ઉપાર્જન માટે પોતાનો વ્યવસાય કરે છે, તેથી તેઓ આ વ્યાવસાયિક જૂથનું સભ્યપદ ભોગવે છે. સાથે સાથે તેની માતાને ચિત્ર દોરવાનો શોખ છે તેથી તેઓ ચિત્રકારોના જૂથ સાથે પણ જોડાયેલા છે. તેના પિતાને સમાજ સેવા કરવામાં રસ છે, તેથી તેઓ જુદી જુદી સામાજિક સંસ્થાઓના સભ્યનો દરજજો ભોગવે છે અને સમાજ સેવાનું કામ કરે છે. તે અને તેનો ભાઇ અભ્યાસની સાથે સમાજમાં અંધશ્રદ્ધા નિવારણનું કામ પણ કરે છે. આમ, દરેક કુટુંબ સમાજની જુદી જુદી સામાજિક સંસ્થાઓ સાથે આદાન પ્રદાન કરી પરસ્પર લાભાન્વિત થાય છે અને પોતાની આગવી ઓળખ ઊભી કરે છે.

**પ્રવૃત્તિ ....ઇન્ટર્નશીપ કાર્યક્રમ દરમિયાન....**

- **તમારી શાળાના વિદ્યાર્થીઓનો કૌટુંબિક અભ્યાસ કરી તેઓ કઇ કઇ સામાજિક સંસ્થાઓનું સભ્યપદ ભોગવે છે, તે અંગેનો અહેવાલ તૈયાર કરો.**
- **ગામની વિવિધ સામાજિક સંસ્થાઓ શાળા અને સમાજને કઇ કઇ રીતે ઉપયોગી થાય છે તે રૂબરૂ મુલાકાત લઇને જાણો.**
- **શાળા વ્યવસ્થાપન સમિતિનું બંધારણ અને કાર્યક્ષેત્ર વિશે મુખ્ય શિક્ષક પાસેથી જાણો.**
- **શાળાને મળેલ લોકસહકારની વિગતો મેળવો.**

## 3.3 શાળામાં જાતિઅભ્યાસક્રમ :, પાઠ્યપુસ્તક, વર્ગખંડ પ્રક્રિયા અને શિક્ષક વિદ્યાર્થી વચ્ચેની– આંતરક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસર

શાળા અને સમાજને એકબીજાના અભિન્ન અંગ ગણવામાં આવે છે. ભાવિ સમાજના ઘડતરની જવાબદારી શાળા પર રહેલી છે. સમાજ વ્યવસ્થા સાથે અનુકૂલન સાધી શકે તેવા નાગરિકોના ઘડતરની જવાબદારી શાળાના શિરે રહેલી છે. શાળાએ વિદ્યાર્થીઓમાં જાતિગત સામાનતાની ભાવના ખીલે એ પ્રકારના તંદુરસ્ત શાલેય ભાવાવરણનું નિર્માણ કરવાનું હોય છે. કુમાર અને કન્યાઓમાં જુદા જુદા કાર્યો કરવામાં જાતિગત લિંગભેદ દૂર થાય તેની કાળજી શાળાએ રાખવાની હોય છે. શાલેય પ્રવૃત્તિઓના આયોજન અને અમલમાં વિદ્યાર્થીઓના જાતિગત તફાવતો ધ્યાને ન લેતાં તેના રસ, રુચિ અને વલણોને અનુરૂપ કાર્યની સોંપણી કરવી જોઇએ. શાળાએ જાતીયતા સંદર્ભે સંવેદનશીલ બનીને પ્રત્યેક બાળકમાં રહેલ વિશિષ્ટ શક્તિઓની સંભાવનાને ઓળખી તેને ખીલવવા પ્રયત્ન કરવો જોઇએ, જેથી કરીને સમાજ અને રાષ્ટ્રને કાર્યક્ષમ માનવબળ આપી શકાય. અહીં આપણે

ક્રમશઃ અભ્યાસક્રમ, પાઠયપુસ્તક, વર્ગખંડ પ્રક્રિયા અને શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસરને સમજવાનો પ્રયત્ન કરીશું.

**3.3.1 અભ્યાસક્રમ સંદર્ભે જાતીયતાની અસર**

શિક્ષણ એ સમાજમાંથી જાતિ, જ્ઞાતિ, ધર્મ, રંગ વગેરે ભેદભાવોને દૂર કરવા માટેનું સબળ માધ્યમ છે. શિક્ષણના નિયત હેતુઓની સિદ્ધિ માટે અભ્યાસક્રમની રચના કરવામાં આવે છે. અધ્યયન– અધ્યાપનની પ્રક્રિયામાં ઉપયોગી એવાં તમામ અનુભવોના સંગઠન કે સમૂહનો અભ્યાસક્રમમાં સમાવેશ થાય છે. અભ્યાસક્રમ એ શિક્ષણ દ્વારા ભાવિ સમાજનું ઘડતર કરવા માટેનું સબળ માધ્યમ છે. માટે અભ્યાસક્રમની રચના સમાજની જરૂરિયાતોને ધ્યાને રાખી કરવામાં આવે છે.

એન.સી.એફ. 2005 એ રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા છે. જેમાં અભ્યાસક્રમ સંદર્ભે કેટલાંક માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યાં છે. જેમ કે : (1) જ્ઞાનને શાળા બહારના અનુભવો સાથે જોડવું, (2) ગોખણપટ્ટીયુક્ત શિક્ષણથી મુક્તિ, (3) બાળકોને સર્વાંગી વિકાસની તક, (4) જીવન અને શિક્ષણનું જોડાણ અને (5) મૂલ્યાંકનમાં લવચિકતા. એન.સી.એફ. 2005ના આ માર્ગદર્શક સિદ્ધાંતો શિક્ષણમાં તમામ સ્તરે સમાનતાની હિમાયત કરે છે, જેમાં કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર દરેકને શીખવાની સમાન તકનો હેતુ સમાયેલો છે. સામાજિક પરિર્વતનો સાથે અનુકૂલન સાધવાની બાબત પર પણ એન.સી.એફ. 2005 ભાર આપે છે. શાળામાં આવતું દરેક બાળક અનન્ય કે વિશિષ્ટ છે, તેથી તેના રસ, રુચિ, અભ્યાસ ટેવો, શીખવાની ગતિ વગેરેમાં તફાવત સ્વાભાવિક તફાવત રહેવાનો. વ્યકિતગત તફાવતો અને વૈયક્તિક ભિન્નતાઓ સંદર્ભે જાતીયતાની અસર પણ જોવા મળે છે. તેથી અભ્યાસક્રમની રચનામાં આ તફાવતોને ધ્યાને રાખવામાં આવે છે.

મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો – 2005 પણ 1 થી 14 વર્ષના તમામ બાળકોને જાતિ, જ્ઞાતિ, સામાજિક – આર્થિક સ્તર, વિસ્તાર વગેરેના ભેદભાવ વગર શિક્ષણનો સમાન અધિકાર આપે છે. એન.સી.એફ. 2005 અને મફત અને ફરજિયાત શિક્ષણના કાયદાના અમલ બાદ ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમમાં બદલાવ કરવામાં આવ્યો છે. પ્રાથમિક શિક્ષણના પ્રવર્તમાન અભ્યાસક્રમમાં પણ દરેકને શીખવાના સમાન અવસરો મળે તે બાબત કેન્દ્રસ્થ છે. જેમાં જાતીય સમાનતાનો પણ સમાવેશ થઇ જાય છે. શીખવામાં સમાનતા ઊભી થાય તે માટે પ્રાથમિક શિક્ષણના પ્રવર્તમાન અભ્યાસક્રમાં નીચેના જેવી બાબતો વણી લેવામાં આવી છે :

- અભ્યાસક્રમની રચનામાં પ્રત્યેક બાળક મહત્વપૂર્ણ છે તે મનોવૈજ્ઞાનિક તથ્યનો સ્વીકાર.
- પ્રત્યેક બાળકની શીખવાની ગતિ આગવી હોય છે તે હકીકતના આધાર પર અભ્યાસક્રમની રચના.
- બાળક જ્ઞાનનું સર્જન જાતે કરે છે તે સંરચનાવાદી આધારશિલા પર અભ્યાસક્રમની રચના.
- અભ્યાસક્રમમાં શીખવાની પ્રક્રિયા સાથે જ્ઞાનનું જોડાણ.
- બાળક જ્ઞાનનો રચિયેતા છે – ઉપભોકતા નહીં તે સિદ્ધાંત પર અભ્યાસક્રમમાં અધ્યયન અનુભવોની ગોઠવણી.

### 3.3.2 પાઠ્યપુસ્તક સંદર્ભે જાતીયતાની અસર

જે તે વિષયના અભ્યાસક્રમના આધારે નિયત સમયગાળા દરમિયાન શીખવા–શીખવવાના વિષયવસ્તુની રજૂઆતના મુદ્દાઓને પાઠ્યક્રમ કહેવામાં આવે છે. પાઠ્યક્રમના આધારે પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવે છે. પાઠ્યપુસ્તક એ નિયત હેતુઓને આધીન રચાયેલ અભ્યાસક્રમની સિદ્ધિ માટેનું માધ્યમ છે. શાલેય શિક્ષણ દરિમયાન દરેક વિષયના અભ્યાસક્રમ અનુસાર જુદાં જુદાં વિષયોના પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવે છે. કોઈ એક ધોરણ અને વિષયના પાઠ્યપુસ્તકમાં વિશિષ્ટ હેતુઓને આધીન વિષયવસ્તુ નિરૂપણ કરવામાં આવે છે. પ્રાથિમક શિક્ષણના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોમાં જાતીયતાની અસર સંદર્ભે નીચેના જેવી બાબતો જોવા મળે છે :

- દરેક વિષયના પાઠ્ય પુસ્તકની રચનામાં જાતીય સમાનતાના ઉદ્દેશની પરિપૂર્તિ થાય તેની કાળજી રાખવામાં આવી છે.
- ભાષાઓ અને સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં જાતીય સમાનતાના ભાવાત્મક પાસાંને સ્થાન આપવામાં આવ્યું છે.
- વિજ્ઞાન અને ટેક્નોલોજી ના અભ્યાસક્રમમાં જાતિગત લિંગભેદ શરીર વિજ્ઞાનના વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
- પાઠ્યપુસ્તકોમાં તથ્યો, હકીકતો, પ્રસંગ કે ઘટનાના વર્ણનમાં જાતીય સમાનતાનો ખ્યાલ રાખવામાં આવ્યો છે.
- પાઠ્યપુસ્તકોમાં લખાણની શૈલીમાં જાતીય સમાનતાયુક્ત ભાષા પ્રયોગ કરવામાં આવ્યો છે.
- પાઠ્યપુસ્તકોમાં પુરુષ અને સ્રી પાત્રોની પ્રસ્તુતિ સમાન રીતે કરવામાં આવી છે.
- સ્રી અને પુરુષ બંનેના જાતિગત ગુણ–લક્ષણોના વર્ણનમાં તટસ્થતા અને સમાનતા જોવા મળે છે.
- પાઠમાં આવતાં ચિત્રો, ઉદાહરણો, પાત્રો વગેરેમાં જાતિગત સમાનતાનું ધ્યાન રાખવામાં આવ્યું છે.
- પાઠ્યપુસ્તકમાં કુટુંબ, વ્યવસાય, સમાજ જીવન, રીતરિવાજો, તહેવારો, પરંપરાઓ કે સાંસ્કૃતિક બાબતોના વર્ણનમાં સ્ત્રી અને પુરૂષ બન્નેના દરજ્જાને સમાન રીતે રજૂ કરવામાં આવ્યો છે.

**પ્રવૃત્તિ ....**

- પ્રાથમિક શિક્ષણના કોઈ એક ધોરણના એક વિષયના પાઠ્યપુસ્તકની વિગતોનો અભ્યાસ કરી તેમાં જાતીયતાની અસર તપાસો.

### 3.3.3 વર્ગખંડ પ્રક્રિયા સંદર્ભે જાતીયતાની અસર

વર્ગ એ શિક્ષણ પ્રક્રિયાનો પાયાનો એકમ છે. વર્ગખંડ પ્રક્રિયામાં શિક્ષક – વિદ્યાર્થી, વિદ્યાર્થી – વિદ્યાર્થી, વિદ્યાર્થી– સામગ્રી અને જૂથો વચ્ચે પરસ્પર આંતરક્રિયા થાય છે. સારી, કાર્યક્ષમ અને અસરકારક અધ્યયન– અધ્યાપન પ્રક્રિયા માટે અસરકારક વર્ગખંડ

વ્યવહાર થાય તે આવશ્યક છે. સામાન્ય રીતે અસરકારક વર્ગખંડ વ્યવહારને મુખ્ય ત્રણ વર્ગોમાં વિભાજીત કરી શકાય : (1) શિક્ષકનું પ્રત્યાયન, (2) વિદ્યાર્થીનું પ્રત્યાયન, અને (3) શાંતિની સ્થિતિ. શિક્ષકના પ્રત્યાયનમાં : લાગણીનો સ્વીકાર, પ્રોત્સાહન, વિદ્યાર્થીઓના વિચારોનો સ્વીકાર, પ્રશ્નો પૂછવા, વ્યાખ્યાન કરવું, સૂચનાઓ આપવી, વિદ્યાર્થીઓના વર્તનની મુલવણી કરવી વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીના પ્રત્યાયનમાં : વિદ્યાર્થીનો પ્રતિભાવ અને પહેલનો સમાવેશ જેવાં ઘટકોનો સમાવેશ થાય છે, જ્યારે શાંતિની સ્થિતિમાં ક્ષણિક વિરામ અને દ્વિધાભરી સ્થિતિનો સમાવેશ થાય છે. વર્ગખંડ પ્રક્રિયાને જીવંત બનાવવા માટે શિક્ષક તરીકે આપણે ઘણાં પાસાંઓની વિચારણા કરવાની હોય છે, જેમાં જાતીયતાની પણ અસર જોવા મળે છે. વર્ગખંડ પ્રક્રિયાના પ્રત્યેક તબક્કે જાતીયતાની અસર સંદર્ભે શિક્ષકે નીચેની બાબતોનો ખ્યાલ રાખવો જોઇએ :

- દરેક વિદ્યાર્થીની લાગણીઓનો સમાન રીતે સ્વીકાર કરવો .
- વિદ્યાર્થીઓના હકારાત્મક વર્તનોને યોગ્ય પ્રોત્સાહન આપી સારા વર્તનોને વધુ દ્રઢ કરવાં .
- વિદ્યાર્થીઓના વિચારોનો સ્વીકાર કરવામાં જાતિગત ભેદભાવ ન રાખવા .
- અધ્યયન કન્યા બન્નને પ્રત્યાયનની સમાન તક – અધ્યાપન પ્રક્રિયા દરમિયાન કુમાર – આપવી .
- શિક્ષકે પોતાના વ્યાખ્યાન કે કથનમાં જાતિગત ભેદભાવને પોષતી બાબતોને અવગણવી.
- વર્ગમાં બધાં જ વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને સૂચનાઓ આપવી .
- વિદ્યાર્થીઓના વર્તનની મુલવણી કરતી વખતે શિક્ષકે તટસ્થતા રાખવી.
- વિદ્યાર્થીઓના પ્રતિભાવ અને પહેલનો ખુલ્લા મને સ્વીકાર કરવો .
- વિદ્યાર્થી જ્યારે દ્વિધા કે સંકોચ અનુભવે ત્યારે યોગ્ય માર્ગદર્શન આપવું .
- વર્ગની બેઠક વ્યવસ્થામાં જાતિગત સમાનતા જાળવી .
- વર્ગની રોજીંદી જવાબદારીઓની સોંપણી વિદ્યાર્થીના રસર ,રૂચી અને આવડતને ધ્યાને લઇ કરવી .
- દરેક બાળકને શીખવાની સમાન તક મળે તેવી વર્ગખંડ પ્રક્રિયાને ઉત્તેજન આપવું .
- દરેક બાળકને શીખવાની ગતિ અને સ્તર આગવું હોય છે – આ મનોવૈજ્ઞાનિક તથ્યને કેન્દ્રમાં રાખી શીખવા – શીખવવાની પ્રક્રિયા હાથ ધરવી.
- વર્ગખંડની પ્રવૃત્તિઓમાં કુમાર – કન્યા બન્નેને સમાન રીતે સામેલ કરવાં.

**પ્રવૃત્તિ ....**

- **શાળાના કોઇ એક વર્ગની વર્ગખંડ પ્રક્રિયાનું અવલોકન કરી તેમાં જાતીયતાની અસર તપાસી અવલોકન નોંધ તૈયાર કરો.**

### 3.3.4 શિક્ષક વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસર–

શિક્ષક અને વિદ્યાર્થી શિક્ષણના બે ધ્રુવો છે. અધ્યયન અને અધ્યાપનની પ્રક્રિયા દરમિયાન શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતી આંતરક્રિયાના પરિણામે વર્ગખંડ ભાવાવરણનું નિર્માણ થાય છે. હકારાત્મક વર્ગખંડ ભાવાવરણના નિર્માણ માટે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતી આંતરક્રિયા દ્વિધ્રુવી હોય તે આવશ્યક છે. વિદ્યાર્થીના જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક પાસાંના સમતોલ વિકાસ માટે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતી આંતરક્રિયા અગત્યની ભૂમિકા ભજવે છે. માત્ર શિક્ષક કેન્દ્રી, એકતરફી કે ચોકક્સ જૂથ તરફી પ્રત્યાયન વર્ગખંડ ભાવાવરણ અને અધ્યયન– અધ્યાપનની પ્રક્રિયાને નીરસ બનાવે છે. શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયાને ઘણાં પરિબળો અસર કરે છે, જાતીયતા એમાનું એક પરિબળ છે. શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયામાં જાતીયતાની અસર સંદર્ભે શિક્ષકે નીચેની બાબતોની કાળજી રાખવી જોઇએ :

- ❖ દરેક વિદ્યાર્થી મહત્વપૂર્ણ બને તેવા વાતાવરણનું નિર્માણ કરવું.
- ❖ વિદ્યાર્થીના વ્યક્તિત્વનો બિનશરતી સ્વીકાર કરવો.
- ❖ કુમાર – કન્યા બંનેમાં અસીમ ક્ષમતાઓ રહેલ છે, તેઓને તેમની ક્ષમતા મુજબ તથા લક્ષણો મુજબ વિકસવાની તક પૂરી પાડવી.
- ❖ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન કુમાર – કન્યા બન્નેને અભિવ્યક્તિની સમાન તક આપવી.
- ❖ વિદ્યાર્થીઓ સાથેની આંતરક્રિયામાં હકારાત્મક અને પ્રેરણાત્મક અભિગમનો વિનિયોગ કરવો.
- ❖ દરેક વિદ્યાર્થીના રસ, રૂચિ, વલણો અને અભ્યાસ ટેવોને જાણી તે મુજબ તેની સાથે આંતરક્રિયા કરવી.
- ❖ વિદ્યાર્થીઓની વાતને ધ્યાનથી સાંભળી હકારાત્મક પ્રત્યુત્તર આપવો.
- ❖ વિદ્યાર્થીઓને સ્વયંશિસ્તવાળાં વર્તન– વ્યવહાર માટે પ્રોત્સાહિત કરવા.
- ❖ વિદ્યાર્થીઓના પ્રશ્નોને સાંભળી, સમજીને નિરાકરણ લાવવા પ્રયત્નો કરવા.
- ❖ વિદ્યાર્થીઓ સાથેની આંતરક્રિયામાં હળવાશ સર્જી તણાવયુકત પરસ્થિતિઓને ટાળવી.
- ❖ વિદ્યાર્થીઓ માટે સુગમકર્તાની ભૂમિકા ભજવવી.
- ❖ વિદ્યાર્થીઓ સાથે ઉષ્માભર્યો વ્યવહાર કરવો.
- ❖ વિદ્યાર્થીઓમાં શ્રદ્ધા રાખી તેનાં આત્મગૌરવને જાળવવું.
- ❖ વિદ્યાર્થીઓ સાથે સન્માનપૂર્વકની ભાષાનો પ્રયોગ કરવો.
- ❖ કુમાર અને કન્યા પરસ્પર સમાનતાની લાગણી અનુભવે તેવા સમાવેશી વાતાવરણનું સર્જન કરવું.
- ❖ ઉંમર અને લિંગભેદને કારણે સર્જાતા સહજ જાતિગત ફેરફારોની વૈજ્ઞાનિક સમજ વિદ્યાર્થીઓને આપવી.

પ્રવૃત્તિ ....

શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે થતી આંતરક્રિયાનો અભ્યાસ કરી તેમાં જાતીયતાની અસર તપાસો.

### 3.4 શાળામાં જાતીય સમાનતા સંદર્ભે કામગીરી

પુરૂષ અને સ્ત્રી બન્ને સમાજ વ્યવસ્થાના ચાવીરૂપ ઘટકો છે. ભાવિ સમાજના ઘડતર માટે આ બન્ને ઘટકોનો સમતોલ વિકાસ થાય તે અનિવાર્ય આવશ્યકતા છે. શિક્ષણ એ વ્યક્તિના સામાજિક, આર્થિક, નૈતિક અને સાંવેગિક વિકાસને વેગ આપવા માટેનું ચાલકબળ છે. સમાજ સશક્તિકરણના ઉદ્દેશની પૂર્તિ માટે જાતીય સમાનતા એ પાયાની શરત છે. શાળા એ સામાજિક સમરસતાનું નિર્માણ કરવા માટેની મહત્વની અને પાયારૂપ સંસ્થા છે. શાળાએ શ્રેષ્ઠ નાગરિકોના ઘડતર દ્વારા તંદુરસ્ત સમાજ રચનામાં સહાયક બનવાનું છે. જાતિ એ શાળા અને શિક્ષણ પર અસર કરનાર મહત્વનું પરિબળ છે. શાળાએ બાળકમાં રહેલ સ્ત્રીપણા અને પુરુષપણાના ગુણોને વિકસાવી એક સંવેદનશીલ માનવ બનાવવાનું કાર્ય કરવાનું છે. શાળા કક્ષાએ જાતીય સમાનતા સંદર્ભે નીચેની કામગીરી કરવી જોઇએ.

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સમાનતા, ગૌરવની લાગણી, નિર્ણય લેવાની ક્ષમતા , સમૂહભાવના , પરસ્પર આદર–સન્માન વિકસે, તથા મુક્ત અને નિ:સંકોચપણે પોતાના વિચારોની અભિવ્યક્તિ કરી શકે તેવા શાલેય ભાવાવરણનું નિર્માણ કરવું.
- o શાલેય આયોજન અને અમલીકરણ, અધ્યયન– અધ્યાપન પ્રક્રિયા, વર્ગખંડ વ્યવહાર અને શાળાના આંતર માનવીય વ્યવહારોમાં જાતીય સમાનતાને પોષવી.
- શાળામાં પ્રોજેક્ટ, ક્ષેત્રકાર્ય, પ્રાયોગિક કાર્ય, કાર્યાનુભવ, જૂથકાર્ય અને સહપાઠી શિક્ષણ જેવાં શૈક્ષણિક કાર્યના આયોજન અને અમલીકરણમાં જાતીય સમાનતા જાળવવી.
- શાળાના પ્રાર્થના કાર્યક્રમ, રમત ગમત, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, પ્રવાસ પર્યટન, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી સહભ્યાસિક પ્રવૃત્તિઓ અને શાળા પંચાયતની રચનામાં જાતીય સમાનતાના પાસાંની કાળજી રાખવી.
- શાલેય શિસ્તના નિર્માણમાં રચનાત્મકતા આણી શાળામાં સ્વયંસ્ફૂરિત, સદભાવયુક્ત, અને સમતાલક્ષી શિસ્તનું નિર્માણ કરવું.
- સ્કાઉટ ગાઇડ, એન.સી.સી. અને એન.એસ.એસ. જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરવું.
- શાળામાં સમાવેશી શિક્ષણના કાર્યક્રમોને અમલી બનાવવા.
- શાળાએ સમાજમાં જાતીય સમાનતા સ્થપાય તે માટે વાલી શિક્ષણ અને જન જાગૃતિનું કાર્ય કરવું.

### 3.5 સારાંશ

આ પ્રકરણમાં આપણે 'Sex ' અને 'Gender' ના સંદર્ભમાં જાતિનો ખ્યાલ સ્પષ્ટ કરી પુરુષત્વ અને સ્ત્રીત્વ અંગેના સામાજિક બંધારણનો પરિચય મેળવ્યો. પુરુષત્વ કે સ્ત્રીત્વ એ વ્યક્તિના જૈવિક અને સામાજિક બંધારણને આધારે જોવા મળતા ગુણ લક્ષણો કે વર્તન તરાહનો સમૂહ છે. અહીં આપણે કુટુંબના અન્ય સામાજિક માળખા સાથેના પ્રત્યાચન સંદર્ભે શીખ્યા કે કુટુંબના સભ્યો વિવિધ સામાજિક સંસ્થાઓનું સભ્યપદ ધરાવે છે અને તેની સાથે આંતરક્રિયા કરે છે. ત્યાર બાદ અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, વર્ગખંડપ્રક્રિયા અને શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેની

આંતરક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસર પણ જોઇ. અહીં આપણે એ પણ જોયું કે જાતિ એ શાળા અને શિક્ષણ પર અસર કરનાર અગત્યનું પરિબળ છે. શાળાએ બાળકમાં રહેલ સ્ત્રીપણા અને પુરુષપણાનાં ગુણોને વિકસાવી એક સંવેદનશીલ માનવના ઘડતરનું કાર્ય કરવાનું છે

**3.6 સ્વાધ્યાય પ્રશ્ન :**

**1. નીચેના પ્રશ્નોના એક –બે વાકયોમાં જવાબ આપો.**

1. 'જાતિ'ની સંકલ્પના સ્પષ્ટ કરો.
2. પુરુષત્વ એટલે શું?
3. સ્ત્રીત્વ એટલે શું?
4 કુટુંબના સભ્યો અન્ય કઇ કઇ સામાજિક સંસ્થાઓ સાથે પ્રત્યાયન કરે છે?
5. શિક્ષણમાં જાતીયતાની અસર કયાં કયાં જોવા મળે છે?

**પ્રશ્ન : 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. પુરુષત્વના ગુણ લક્ષણો જણાવો.
૨. સ્ત્રીત્વના ગુણ લક્ષણો જણાવો.
3. કુટુંબનું અન્ય સામાજિક સંસ્થાઓ સાથેનું પ્રત્યાયન ઉદાહરણ દ્વારા સમજાવો.

**પ્રશ્ન : 3. ટૂંકનોંધ લખો.**

1. અભ્યાસક્રમના સંદર્ભમાં જાતીયતાની અસર
2. પાઠ્યપુસ્તકના સંદર્ભમાં જાતીયતાની અસર
3. વર્ગખંડપ્રક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસર
4. શિક્ષક–વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રિયાના સંદર્ભમાં જાતીયતાની અસર

**પ્રશ્ન : 4. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. શાળામાં જાતીય સમાનતા સંદર્ભે શી શી કામગીરી કરશો? સવિસ્તાર સમજાવો.
2. 'એક જ વ્યકિતમાં સ્ત્રીત્વ અને પુરૂષત્વના લક્ષણો રહેલા હોય છે' – આ વિધાન સદ્રષ્ટાંત સમજાવો.

**3.7 પ્રોજેકટ કાર્ય**

1. પ્રાથમિક શિક્ષણના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકોનો જાતીયતા સંદર્ભે અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરો.
2. ઇન્ટર્નશીપ દરમિયાન તમારી શાળામાં જાતીય સમાનતા સંદર્ભે થતી પ્રવૃત્તિઓ અને કાર્યો સંદર્ભે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્ય સાથે ચર્ચા અને પ્રશ્નોત્તરી કરી નોંધ તૈયાર કરો.

## 3.8 સંદર્ભસૂચિ


1. ઠાકર મ.  તથા અન્ય (2012).  શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશીલાઓ. પાર્શ્વ પ્રકાશન : અમદાવાદ.

2. શિક્ષણમાં સમાવેશન – મૉડ્યુલ. જી.સી.ઇ.આરટી: ગાંધીનગર

3. જીવન શિક્ષણ : નવેમ્બર 2015 અને જૂન 2011. જીસીઇઆરટી : ગાંધીનગર

Reports and Documents :

1. Document of 'The Right of Children to Free and Compulsory Education Act-2009', The Gazette of India, No.39–2009, New Delhi.

2 . Document of  National Curriculum  Framework-2005. NCERT, New Delhi.

website :  www. wikipedia.com

## દ્વિતીય વર્ષ

## કોર્સ: 2– બ વૈવિધ્ય જાતિ અને સમાવેશી શિક્ષણ

**વિચાર પ્રેરકપ્રશ્નો....**

1. દિવ્યાંગ બાળકોને સામાન્ય બાળકો સાથે શિક્ષણ પૂરું પાડવામાં શિક્ષક તરીકે તમારે કેવા પડકારોનો સામનો કરવો પડશે ? કઇ રીતે ?
2. એક બાળક ચિત્રકલા અને સંગીતમાં કુશળ છે પરંતું ભાષામાં શબ્દોનું વાચન ઉલટું કરે છે. તો તેની સમસ્યા તમે કઇ રીતે હલ કરશો ?
3. ગામમાં વિવિધ પ્રવૃત્તિઓમાં નેતૃત્વ સંભાળતા કોઇ એક વ્યક્તિનો અભ્યાસ કરો. શાળાના શિક્ષણે તેમના આ ગુણને કઇ રીતે મૂલવ્યો હતો તેની નોંધ લખો.
4. ગામમાં એક વેપારી શિક્ષણ કઇ રીતે આપવું જોઇએ એ અંગે શું સમજે છે તે જાણો. તેના શિક્ષણ અંગેના ખ્યાલોનું મૂલ્યાંકન કરો.

નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે. અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઇ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો.